
પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News
RNI NO:- 67073/97
વર્ષ:૨૪, અંક:૧૬૮, કુલ પાના:૪, તારીખ: ૧૧-૦૩-૨૦૨૧ ગુરૂવાર, કિંમત રૂા.૧.૫૦/-, VOLUME/YEAR : 24, ISSUE : 168 PRICE :-RS. 1.50 DATE : 11-03-2021
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)
Whatsapp No.9712880678
પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### અવિશ્વાસ પ્રસ્તાવના પક્ષમાં ૩૨ અને વિરોધમાં ૫૫ મત પડ્યા

## હરિયાણા વિધાનસભામાં અવિશ્વાસ પ્રસ્તાવ પર ખટ્ટર સરકારે જીત મેળવી



ચંડીગઢ,


મનોહરલાલ ખટ્ટર સરકારે અવિશ્વાસ પ્રસ્તાવ પર થયેલા મતદાનમાં હરિયાણા વિધાનસભામાં જીત હાસિલ કરી છે. અવિશ્વાસ પ્રસ્તાવના પક્ષમાં ૩૨ અને વિરોધમાં ૫૫ મત પડ્યા છે. મહત્વનું છે કે વિધાનસભામાં કોંગ્રેસના ૩૦ ધારાસભ્યો છે. વોટિંગ પહેલા અવિશ્વાસ પ્રસ્તાવ પર બોલતા મુખ્યમંત્રી મનોહર લાલ ખટ્ટરે કહ્યુ કે, આ પ્રસ્તાવ લાવવા માટે કોંગ્રેસનો આભાર. કોંગ્રેસની મૃગતૃષ્ણા ક્યારેય પૂરી નહીં થાય.

ખટ્ટરે કહ્યુ, નો કોન્ફિડેન્શ કોંગ્રેસની સંસ્કૃતિ છે. જ્યારે પાર્ટી ચૂંટણી હારી જાય તો તેને ઈવીએમ પર વિશ્વાસ થતો નથી. સર્જિકલ સ્ટ્રાઈકના પૂરાવા માંગે છે. જો કોંગ્રેસ સત્તામાં રહે છે તો બધુ પરાબર છે, પરંતુ ભાજપ સત્તામાં છે તો નહીં. તો હરિયાણાના નાયબ મુખ્યમંત્રી દુષ્યંત ચૌટાલાએ વિધાનસભામાં કહ્યુ, ૧૦ વર્ષથી નારો લાગ્યો કે હુડ્ડા તેરે રાજમાં કિસાન ની જમીન ગઈ વ્યાજ મેં. છેલ્લા એક વર્ષમાં અમે ૩૦૦૦૦ હજાર કરોડ રૂપિયાના પાક એમએસપી પર ખરીદ્યા છે. તે માટે અમે ૧૮૦૦ ખરીદ કેન્દ્ર બનાવ્યા હતા.

તેમણે કહ્યું કે, આ વખતે પણ પ્રત્યેકને વિશ્વાસ અપાવીએ છીએ કે જ્યારે મંડીમાં તમારૂ ફોર્મ આવશે, તેના બે દિવસની અંદર તમારા ખાતામાં પૈસા પહોંચી જશે. ભૂપેન્દ્ર સિંહ હુડ્ડાએ બુધવારે સવારે હરિયાણા વિધાનસભામાં અવિશ્વાસ પ્રસ્તાવ રજૂ કર્યો, જેના પર સ્પીકરે પહેલા ૨ કલાક અને બાદમાં ૩ કલાક સુધી ચર્ચાની મંજૂરી આપી. આ દરમ્યાન ભૂપેન્દ્ર સિંહ હુડ્ડાએ કહ્યું કે કૃષિ કાયદા વિરુદ્ધ આંદોલનમાં દિલ્હીની સીમાઓ પર ૨૫૦થી વધુ ખેડૂતોના મોત થઈ ચૂક્યાં છે. સદનમાં તેમના નામ રજૂ કર્યાં પરંતુ મને સમાચાર પત્રોમાં તેમના નામ ના મળ્યાં. ભૂપેન્દ્ર હુડ્ડાએ કહ્યું કે મનોહર લાલ ખટ્ટર સરકાર પાસે બહુમત નથી, પરંતુ આ સરકાર જનનાયક જનતા પાર્ટી ઉપર ટકી છે. જે બાદ ભૂપેન્દ્ર સિંહ હુડ્ડાએ અવિશ્વાસ પ્રસ્તાવ પર ગુપ્ત મતદાનની માંગ કરી હતી.

ઉલ્લેખનીય છે કે કૃષિ કાયદા વિરુદ્ધ પાછલા લાંબા સમયથી ચાલી રહેલા ખેડૂત આંદોલન વચ્ચે કોંગ્રેસે દાવો કર્યો હતો કે હરિયાણા સરકાર પાસે બહુમત નથી. વિપક્ષના નેતા અને પૂર્વ સીએમ ભૂપેન્દ્ર સિંહ હુડ્ડાએ આરોપ લગાવ્યો હતો કે સીએમ મનોહર લાલ ખટ્ટર જનતા અને પોતાના ધારાસભ્યનો વિશ્વાસ ગુમાવી ચૂક્યા છે.

## રસીકરણમાં અમદાવાદ પહેલા સ્થાને, બીજા સ્થાને સુરત, ત્રીજા સ્થાને દાહોદ



અમદાવાદ,

કોરોના સામેની લડતમાં વેક્સિનેશનની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે, ત્યારે ગુજરાત પણ રસીકરણની દિશામાં ઝડપથી આગળ વધી રહ્યું છે. ૧૬મી જાન્યુઆરીથી શરૂ થયેલી તબક્કાવાર વેક્સિનેશનની કામગીરીમાં ગુજરાત આજે પણ દેશમાં બીજા ક્રમાંકે કાયમ છે. સૌથી વધુ રસીકરણ પડોશી રાજ્ય રાજસ્થાનમાં છે, જ્યારે બીજા નંબરે ગુજરાત છે.

રાજ્યમાં અત્યારસુધી એટલે કે ૮ માર્ચ સુધી રાજ્ય સરકારના આરોગ્ય વિભાગના આંકડા મુજબ ૧૯,૩૮,૨૪૪ લોકોએ કોરોનાની કોવિશીલ્ડ વેક્સિન લીધી છે, જેમાં સૌથી વધુ રસીકરણ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની હદ વિસ્તારમાં થયું છે. અમદાવાદ શહેરમાં અત્યારસુધી કુલ ૧,૭૭,૭૮૮ લોકોએ વેક્સિન લીધી છે, જ્યારે અમદાવાદ જિલ્લામાં કુલ ૫૪,૦૦૭ લોકોએ વેક્સિન લીધી છે. જ્યારે સુરત કોર્પોરેશનની હદમાં ૧,૧૨,૧૦૨ અને સુરત જિલ્લામાં ૩૮,૯૭૧ લોકોનું વેક્સિનેશન થયું છે, જ્યારે દાહોદ જિલ્લો હજુ વેક્સિનેશનમાં ત્રીજા નંબરે યથાવત્ છે, દાહોદમાં કુલ ૯૯,૨૬૩ લોકોનું વેક્સિનેશન થયું છે.

પહેલા તબક્કામાં વેક્સિનનો ડોઝ લીધા બાદ બીજો ડોઝ લેનાર લોકોની સંખ્યા રાજ્યમાં ૩ લાખ ૬૦ હજાર સુધી પહોંચી છે, જ્યારે ૪૫થી ૬૦ વર્ષના વય જૂથમાં કુલ ૭,૧૪,૭૧૨ લોકોનું વેક્સિનેશન થયું છે, જેમાં પણ અમદાવાદમાં સૌથી વધુ ૫૯,૦૭૪, જ્યારે બીજા ક્રમે સુરત છે. દાહોદમાં કુલ ૪૫થી ૬૦ વર્ષની વય જૂથમાં ૫૦,૮૨૭ લોકોએ રસી લીધી છે.

## ગુજરાતમાં ઘણા શહેરોમાં ૧૫ માર્ચ પછી ૪૦ ડિગ્રીને પાર જવાની આગાહી



અમદાવાદ,

ગુજરાતમાં ધીમે-ધીમે ગરમીમાં વધારો થઇ રહ્યો છે. હવામાન ખાતાની આગાહી મુજબ ૧૫ માર્ચથી રાજ્યના ઘણા શહેરોમાં તાપમાન ૪૦ ડિગ્રીને પાર પહોંચી શકે છે. બુદવારે રાજ્યના ૧૨ શહેરોમાં ગરમીનો પારો ૩૬ને ઉપર રહ્યો હતો. તેમાંથી ૫ શહેરોમાં તો ૩૭ ડિગ્રીથી વધુ ગરમી નોંધાઈ હતી. અમદાવાદમાં તાપમાન ૨.૮ ડિગ્રી વધીને ગરમીનો પારો ૩૬.૮ ડિગ્રી પર પહોંચ્યો છે. ૩૭.૮ ડિગ્રી સાથે મહુવા સૌથી ગરમ રહ્યો. જ્યારે નલિયામાં ઠંડીનો વર્તારો હજુ યથાવત છે. ત્યાં રાજ્યમાં સૌથી ઓછી ગરમી રેકોર્ડ થઈ.

બુધવારે નલિયામાં તાપમાન ૧૦.૨ ડિગ્રી રહ્યો. રાજ્યમાં આજથી ગરમીમાં વધારો થવાની હવામાન વિભાગે આગાહી કરી છે. રાજ્યના ૧૨ શહેરોમાં ૩૬ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. જ્યારે મહુવા બાદ સુરેન્દ્રનગરમાં ૩૭.૩ ગરમી નોંધાઈ. વડોદરા અને અમરેલીમાં પારો ૩૭.૨ ડિગ્રીએ હતો. તો ભૂજમાં ગરમી ૩૭ ડિગ્રી નોંધાઈ. તે સિવાય રાજકોટમાં મહત્તમ તાપમાન ૩૬ ડિગ્રી હતો. હવામાન વિભાગ આ પહેલા જ ગરમીને લઈને પૂર્વાનુમાન જાહેર કરી ચૂક્યું છે. જે પ્રમાણે ગુજરાતમાં માર્ચથી મે મહિના સુધી તાપસમાન સામાન્ય કરતા ઊંચું રહેશે. બીજી તરફ રાજ્યમાં માર્ચ મહિનાની શરૂઆત થતા જ અનેક જગ્યાએ કાળઝાળ ગરમીનો અહેસાસ થવા લાગ્યો છે.

માર્ચની શરૂઆતની સાથે જ અમદાવાદ સહિતના શહેરમાં ગરમીનો અનુભવ થવા લાગ્યો છે. પરંતુ સવારના સમયે શિયાળા જેવી ગુલાબી ઠંડી અને બપોરના સમયે ગરમી એમ બવેડી ઋતુનો વર્તારો થઈ રહ્યો છે. આ વખતે ચોમાસામાં સામાન્ય કરતા વધારે વરસાદ પડ્યો હતો. અનેક વિસ્તારોમાં તો અતિ વૃષ્ટિ જેવી હાલત હતી. હવે હવામાન વિભાગે ઉનાળાને લઈને આ વખતે વધારે ગરમી પડવાનું પૂર્વાનુમાન કર્યું છે ત્યારે લોકોએ કાળઝાળ ગરમી માટે તૈયાર રહેવું રહેવું પડશે.

## સાયલન્ટ કિલર સબમરિન ‘કરંજ’ નૌસેનામાં વિધિવત રીતે સામેલ



મુંબઈ,

ભારતીય નૌકાદળની તાકાત વધારવા માટે સ્કોર્પિન કલાસની ત્રીજી સબમરીન આઈએનએસ કરંજ આજે એટલે કે બુધવારે નૌકાદળના કાફલામાં જોડાઈ છે. આઈએનએસ કરંજ પહેલા આઈએનએસ કાલવરી અને આઈએનએસ ખંડેરી નેવીને સોંપવામાં આવ્યા હતા. નૌકાદળને ૬ સ્કોર્પિન કલાસ સબમરીન સોંપવાની છે, જેમાંથી ત્રણને સોંપવામાં આવી છે અને ચોથી આઈએનએસ વેલાને પરીક્ષણ માટે મોકલવામાં આવી છે. કરંજ સબમરીન કોલ્વેરી-ક્લાસ ડીઝલ ઈલેક્ટ્રિક સબમરીનમાંથી ત્રીજી સબમરીન છે જેણે ૨૦૧૭ થી નૌકાદળમાં કામગીરી શરૂ કરી.

કરંજ એ એક નાનું સબમરીન છે જેની લંબાઈ ૭૦ મીટર છે. તેની ઉંચાઈ ૧૨ મીટર છે. પરમાણુ શક્તિ દ્વારા સંચાલિત સબમરીન અરિહંત સાથે આની તુલના કરી શકાતી નથી, જોકે સબમરીનનો આ વર્ગ તેના પોતાના અલગ ફાયદા ધરાવે છે.

અણુશક્તિ દ્વારા સંચાલિત આ સબમરીન લાંબી અને ભારે છે. આ સબમરીનનું વજન આશરે ૧૬૦૦ ટન છે. આ સબમરીન સમુદ્રની અંદર ખાણ મૂકીને દુશ્મનનો નાશ કરવાની શક્તિ ધરાવે છે.

આઈએનએસ કરંજ મિસાઈલ અને ટોરપીડોથી સજ્જ છે અને સમુદ્રમાં માઈન્સ પાથરવામાં પણ સક્ષમ છે. લગભગ ૩૫૦ મીટર ઉંડા દરિયામાં આઈએનએસ કરંજને તૈનાત કરી શકાય છે. તેમાં ઓક્સિજન બનાવવાની ક્ષમતા પણ છે જેનાથી લાંબા સમય સુધી પાણીની અંદર રહી શકે છે.

નૌકાદળના ચીફ એડમિરલ કરમબીર સિંહે કહ્યું, “સ્કોર્પિન વર્ગની આ ત્રીજી સબમરીન છે.” ચોથી સબમરીન પણ અજમાયશ માટે ગઈ છે. વડા પ્રધાન મોદીજીના માર્ગદર્શનથી જ આ બધું શક્ય બન્યું છે. આ સ્વનિર્ભર ભારતના સપનાને પ્રોત્સાહન આપે છે. તેમણે કહ્યું, “કોરોના મહામારીને કારણે તેનું કામ શરૂ કરવામાં મોડું થયું હતું.” જો કે, અમે આ સબમરીનને સમયાંતરે યુદ્ધના કાફલામાં સામેલ કરીએ છીએ’.

## હિમાચલ પ્રદેશના ચંબામાં બસ ખીણમાં પડતાં દુર્ઘટના: ૭ના મોત




ચંબા,

હિમાચલ પ્રદેશના ચંબા જિલ્લામાં બુધવારની સવારે દૂર્ગમ વિસ્તાર તીસામાં એક ખાનગી બસ અનિયંત્રિત થઈને ખીણમાં પડી ગઈ. માહિતી મુજબ બસમાં લગભગ ૨૦ લોકો સવાર હતા. દૂર્ઘટનામાં સાત લોકોના ઘટના સ્થળે જ મોત થઈ ગયા હતા. વળી, લગભગ ૧૦ લોકો ગંભીર રીતે ઘાયલ થઈ ગયા છે. પોલિસના જણાવ્યા અનુસાર પોલિસે ઘાયલોને હોસ્પિટલમાં ભરતી કરાવ્યા છે. પોલિસ અને પ્રશાસનના અધિકારી સાથે સ્થાનિક લોકો પણ બચાવ કાર્યમાં લાગી ગયા છે. મુખ્યમંત્રી જયરામ ઠાકુરે દૂર્ઘટના પર દુ:ખ વ્યક્ત કર્યુ છે. મુખ્યમંત્રીએ કહ્યુ કે દૂર્ઘટનામાં મૃતકોના પરિવારને ચાર-ચાર લાખ રૂપિયાની આર્થિક સહાય કરવામાં આવશે. આ ઉપરાંત ઘાયલોને પણ દરેક સંભવ મદદ કરવામાં આવશે.

માહિતી મુજબ બુધવારે સવારે લગભગ ૧૦ વાગે તીસાના કૉલોની વળાંક પર બસ નિયંત્રણ ગુમાવીને ખીણમાં પડી ગઈ. બસમાં લગભગ ૨૦ લોકો સવાર હતા. બસમાં કૉલેજના સ્ટુડન્ટ્સ પણ સવાર હતા. દૂર્ઘટના એટલી ભીષણ હતી કે બસના ફૂરચેફૂરચા ઉડી ગયા. બસની છત અને સીટો પણ અલગ અલગ થઈ ગઈ. દૂર્ઘટના બાદ સ્થાનિક લોકો ઘટના સ્થળે પહોંચ્યા અને મામલાની સૂચના પોલિસને આપી. પોલિસે ઘટના સ્થળે પહોંચીને રેસ્ક્યુ ઑપરેશન શરૂ કર્યુ. પોલિસે અત્યાર સુધી સાત શબ મેળવ્યા છે. વળી, લગભગ ૧૦ લોકો ઘાયલ જણાવાઈ રહ્યા છે. પોલિસે ઘાયલોને હોસ્પિટલમાં ભરતી કરાવ્યા છે.

તમને જણાવી દઈએ કે ગયા વર્ષે ૧૦ માર્ચે ચંબા પઠાણકોટ માર્ગ પર બસ દૂર્ઘટના થઈ હતી. કાંદુ પાસે એચઆરટીસીની બસ દૂર્ઘટનાનો શિકાર થઈ ગઈ હતી. આ દૂર્ઘટનામાં છ લોકોના મોત થઈ ગયા હતા જ્યારે ૩૪ લોકો ઘાયલ થયા હતા.

## મકાન માલિકને હેરાન કરતા ભાડુઆતો માટે કાયદાનો દુરુપયોગ માટે સુપ્રિમનો ક્લાસિક ફેંસલો



ન્યુ દિલ્હી,

મકાન માલિક અને ભાડુઆતના ઝઘડા કોઇ પણ જગ્યાએ એક સામાન્ય વાત છે. વિવાદ વધતા મામલો કોર્ટમાં પણ જાય છે અને ફેંસલો પણ આવે છે. પરંતુ સુપ્રીમકોર્ટ સામે એક એવો કેસ આવ્યો જેને કોર્ટે ક્લાસિક કેસ કહ્યો છે. ન્યાયિક પ્રક્રિયાનો ખોટી રીતે ઉપયોગ થાય છે, આ આધારે સુપ્રીમ કોર્ટે ક્લાસિક કેસની સંજ્ઞા આપી છે.

સુપ્રીમ કોર્ટે એક ભાડુઆત વિરૂદ્ધ ફેંસલો સંભળાવ્યો છે. જેને મકાન માલિકને તેની પ્રોપર્ટીથી ત્રણ દાયકા સુધી દૂર રાખ્યો. કોર્ટે ભાડુઆત પર ૧ લાખ રૂપિયાની પેનલ્ટી લગાડવાની સાથે માર્કેટ રેટ પર ૧૧ વર્ષનું ભાડુ આપવાનો આદેશ પણ કર્યો છે.

મકાન માલિક અને ભાડુઆતનો ક્લાસિક કેસ બેંચના જસ્ટિસ કિશન કૌલ અને આર સુભાષ રેડ્ડીએ કહ્યું કે, કોઈના હકને લૂટવા માટે કોઈ કેવી રીતે કાયદાનો દુરપયોગ કરે છે આ કેસ તેનું ક્લાસિક ઉદાહરણ છે. આ મામલો પશ્ચિમ બંગાળના અલીપુરમાં એક દુકાનને લઈ છે. સુપ્રીમ કોર્ટની બેંચ એ આદેશ આપ્યો કે દુકાનને કોર્ટના આદેશના ૧૫ દિવસની અંદર મકાનમાલિકને સોંપી દેવામાં આવે.

કોર્ટે ભાડુઆતને આદેશ આપ્યો કે, માર્ચ ૨૦૧૦થી અત્યાર સુધીનું બજાર ભાવનું જે ભાડું થાય છે તે ત્રણ મહિનાની અંદર માલિકને ચૂકવવું પડશે. આ સિવાય કોર્ટના સમયનો વેડફાટ અને મકાન માલિકને કોર્ટની કાર્યવાહીમાં ઘસેડી સુપ્રીમ કોર્ટમાં લાવવા માટે કોર્ટે ભાડુઆતને એક લાખ રૂપિયાનો દંડ પણ ફટકાર્યો છે.

### મહારાષ્ટ્રની ૧,૨૭૯ કંપનીને તાળા

## દેશમાં કોરોનાના રોગચાળામાં ૧૦,૧૧૩ કંપની બંધ થઈ

ન્યુ દિલ્હી,

દેશમાં ૨૦૨૦ના એપ્રિલથી ચાલુ વર્ષના ફેબ્રુઆરી સુધીમાં કોવિડ-૧૯ના રોગચાળા દરમિયાન લૉકડાઉન વખતે આર્થિક પ્રવૃત્તિને માઠી અસર થવાથી ૧૦,૧૧૩ કંપની સ્વેચ્છાએ બંધ થઈ હતી. કૉર્પોરેટ બાબતોને લગતા મંત્રાલયના છેલ્લા અહેવાલ મુજબ આ સમયગાળા દરમિયાન કંપની ધારા, ૨૦૧૩ની કલમ ૨૪૮(૨) હેઠળ ૧૦,૧૧૩ કંપની બંધ થઈ હતી. કૉર્પોરેટ બાબતોને લગતા ખાતાના રાજ્ય કક્ષાના પ્રધાન અનુરાગસિંહ ઠાકુરે આઠમી માર્ચે લોકસભામાં લેખિત જવાબમાં જણાવ્યું હતું કે અમારું મંત્રાલય વ્યાપાર-ધંધા બંધ કરનારી કંપનીઓના કોઈ રેકૉર્ડ નથી રાખતું.

કૉર્પોરેટ બાબતોને લગતા મંત્રાલયના અહેવાલ મુજબ આ સમયગાળા દરમિયાન દિલ્હીમાં ૨,૩૯૪ કંપની, ઉત્તર પ્રદેશમાં ૧,૯૩૬ કંપની, તમિળનાડુમાં ૧,૩૨૨ અને મહારાષ્ટ્રમાં ૧,૨૭૯ કંપની બંધ થઈ હતી. આ ઉપરાંત, ગુજરાતમાં ૧૭, ગોવામાં ૩૬ અને છત્તીસગઢમાં ૪૭ કંપની બંધ થઈ હતી.









# મહિસાગર આવૃત્તિ

લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

## મહીસાગર જિલ્લામાં નલ સે જલ યોજના અંતર્ગત જિલ્લા કલેકટરના અધ્યક્ષસ્થાને જળ અને સ્વચ્છતા સમિતિની બેઠક મળી



તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

લુણાવાડા,

વર્ષ-૨૦૧૯થી જળ શકિત મંત્રાલય દ્વારા નલ સે જલ યોજના શરૂ કરવામાં આવી છે. મુખ્ય મંત્રી વિજયભાઈ રૂપાણીએ દરેક ઘર સુધી પીવાનું શુધ્ધ પાણી પહોંચે તે માટે નલ સે જલ યોજના અંતર્ગત જિલ્લામાં દરેક ઘરમાં પાઈપલાઈન દ્વારા પાણી પહોંચાડવાનું લક્ષ્યાંક રાખ્યું છે. તેની સાથોસાથ આ યોજના હેઠળ જળ સ્ત્રોત બચાવવાના પ્રયત્નો પણ કરવામાં આવનાર છે. નલ સે જલ યોજના અંતર્ગત આજે જિલ્લા કલેકટર આર. બી. બારડના અધ્યક્ષસ્થાને યોજાયેલી બેઠકમાં જિલ્લા અને જળ સ્વચ્છતા સમિતિમાં મંજૂર કરવામાં આવેલ પાણી પુરવઠા યોજનાઓની સમીક્ષા કરવામાં આવી હતી.

બારડે પાણી પુરવઠા અને વાસ્મોના અધિકારીઓને સંકલન કરી દરેક ગામની મુલાકાત લઈ સર્વે એક પણ ઘર નલ સે જલ યોજનાથી વંચિત ન રહે તે માટે જરૂરી માર્ગદર્શન આપી કામગીરી સમયમર્યાદામાં પૂર્ણ થાય તે જોવા સુચવ્યું હતું.

આ બેઠકમાં કલેકટર બારડ દ્વારા મહીસાગર જિલ્લાના છ તાલુકાઓ માટે રૂા. ૫૦૦૭.૯૮ લાખના ખર્ચે નવી ૧૪૧ યોજનાઓ તેમજ ૪૭૨૩૩ નળ જોડાણના નવા કનેકશનની મંજૂરી આપવામાં આવી હતી. બેઠકમાં જિલ્લા મેનેજર નિકુંજ શર્માએ જિલ્લા જળ અને સ્વચ્છતા એકમ-વાસ્મો દ્વારા જિલ્લના છ તાલુકાના ૭૧૪ ગામોના ૮૯૮ ફળિયાઓ, ૩૪૪ ગ્રામ પંચાયતોની ૯૬૬ મંજૂર કરવામાં યોજનાઓ પૈકી ૫૦૨ યોજનાઓ પૂર્ણ થઇ ગઇ અને ૪૩૯ કામો પ્રગતિ હેઠળ હોવાનું જણાવ્યું હતું.

આ બેઠકમાં પાણી પુરવઠાના, યાંત્રિક વિભાગના અને એમ.જી.સી.વી.સી.એલ.ના કાર્યપાલક ઈજનેર, યુનીટ મેનેજર એ. જી. રાજપુરા, જિલ્લા મેનેજર નિકુંજ શર્મા, જિલ્લા કો-ઓર્ડીનેટર સન્ની પટેલ સહિત સમિતિના અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ગોધરા તાલુકાના ઓરવાડા ગામે ઘરમાં રાખેલ ઈંગ્લીશ દારૂ ઝડપ્યો

ગોધરા,

ગોધરા તાલુકા પોલીસ ગતરોજ પેટ્રોલીંગમાં નીકળી હતી. ત્યારે બાતમી મળી હતી કે, ગોધરા તાલુકાના ઓર વાડા ગામે આવેલા બલૂપુરામાં રહેતા નવીન ઉર્ફે પીન્ટુ પ્રવીણ પટેલ પોતાના રહેણાક મકાનમાં વિદેશી દારૂનો જથ્થો રાખી તેનું વેચાણ કરે છે. જેના આધારે પોલીસે બાતમી વાળી જગ્યાએ રેડ કરતા આરોપી ઘરે મળી આવ્યો ન હતો, પરંતુ તેનું ઘર ખુલ્લુ હોય ઘરમાં રેડ કરતા ઘરમાંથી ૪૮ જેટલી વિદેશી દારૂની નાની પ્લાસ્ટિકની બોટલની જથ્થો મળી આવ્યો હતો, પોલીસ દ્વારા કુલ રૂા.૪૮૦૦ ની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો કબજે લેવામાં આવ્યો હતો અને નવીન ઉર્ફે પીન્ટુ સામે ગોધરા તાલુકા પોલીસમથકે પ્રોહીબિશનની કલમ મુજબ ગુનો નોંધવામાં આવ્યો હતો.

## પંચમહાલ જિલ્લામાં કોરોના સંક્રમણના નવા ૦૫ કેસ નોંધાયા, ૧૧ દર્દીને રજા અપાઈ

ગોધરા,

પંચમહાલ જિલ્લામાં આજે કોરોનાના નવા ૦૫ પોઝિટિવ કેસ મળી આવ્યા છે. આ સાથે જિલ્લામાં કુલ કોરોના કેસોની સંખ્યા ૪૦૮૬ થવા પામી છે. જ્યારે જિલ્લામાં સક્રિય કેસોની કુલ સંખ્યા ૫૧ થઈ છે, જેમની સારવાર હાથ ધરવામાં આવી રહી છે. શહેરી વિસ્તારોમાં આજે મળી આવેલ કેસો પૈકી ગોધરા શહેરમાંથી ૦૪ કેસ મળી આવ્યા છે. શહેરી વિસ્તારોમાં કોરોનાના કુલ કેસોની સંખ્યા ૩૦૩૮ થવા પામી છે. ગ્રામ્ય વિસ્તારોમાંથી મળી આવેલ કેસોમાં કાલોલ ગ્રામ્યમાંથી ૦૧ કેસ મળી આવ્યો છે. ગ્રામ્ય વિસ્તારોમાં કુલ ૧૦૪૮ કેસો મળી આવ્યા છે. આજે કુલ ૧૧ દર્દીને સારવાર બાદ રજા આપવામાં આવી છે. આ સાથે રજા મેળવનારા કુલ વ્યક્તિઓની સંખ્યા ૩૮૯૪ થવા પામી છે. જિલ્લામાંથી અત્યાર સુધી નોંધાયેલ કુલ કેસોની સંખ્યા ૪૦૮૬ થવા પામી છે.

## ગોધરાની જુનીધરી ગામે ઈકો ચાલક અને રીક્ષા ચાલક વચ્ચે સાઈડ ન અપાતા મારામારી

ગોધરા,

ગોધરા તાલુકાના જુનીધરી ગામેથી રીક્ષામાં ભાણેજને મુકવા માટે નવીધરી જતા હતા. ત્યારે સામે થી આવતી ઈકો ગાડીના ચાલકે સાઈડ કેમ આપતો નથી. ગાળો આપી લોખંડના સળીયા વડે રીક્ષાની તોડફોડ કરી નુકશાન કરતાં આ બાબતે કાંકણપુર પોલસી મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા તાલુકાના જુનીધરી ગામે રહેતા કિરણભાઈ દિનેશભાઈ માછી પોતાની રીક્ષા નંબર જીજે.૦૬.વીવી.૩૫૭૯ લઈને નવીધરી ગામે ભાણેજ ને મુકવા જતા હતા. ત્યારે સામે થી આવતી ઈકો ગાડીના ચાલક સુનિલ રયજીભાઈ માછી અને અનિલ રયજીભાઈ માછી એ ઈકો ગાડીને સાઈડ કેમ આપતો નથી. તેમ કહીને ગાળો આપી લોખંડના સળીયા વડે રીક્ષાની તોડફોડ કરી નુકશાન કર્યું હતું. તેમજ સંજયભાઈ માછીને ઈજાઓ પહોંચાડી ગુનો કરતાં આ બાબતે કાંકણપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## ગોધરા દરૂનીયા ચોકડી પાસે બે બાઈક વચ્ચે અકસ્માત સર્જાતા એક વ્યક્તિને ગંભીર ઈજા

ગોધરા,

ગોધરા તાલુકાના સામલી ગામે રહેતાં ધર્મેન્દ્રભાઈ મુકુન્દસિંહ રાઉલજીના પિતા ગત ૬ તારીખે સાંજના સમયે સાત વાગ્યાના અરસામાં દરૂનીયા બાયપાસ ચોકડી પાસેથી બાઈક લઈને પસાર થતાં વેળાએ પાછળથી પૂરઝડપે બાઈક ચાલકે તેઓને પાછળથી ટક્કર મારતાં મુકુન્દસિંહ પટકાતા માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી, પોલીસે ટક્કર મારનાર બાઈક વેજલપુરના પેડિયા મોહમ્મદ તાહિર જાબિરની હોવાનું બહાર આવ્યું હતું. પોલીસ દ્વારા આ અંગે વધુ કાર્યવાહી કરી આરોપીની શોધખોળ હાથ ધરવામાં આવી હતી.

## સંતરામપુર તાલુકાના પટેલ ફળિયા વર્ગ બુગઢ પ્રા. શાળામાં વીનીંગ કાર્યક્રમ યોજાયો


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,

વર્તમાન કોરોના કોવીડ -૧૯ પરિસ્થિતિને ધ્યાને રાખીને સરકારના શિક્ષણ વિભાગના આદેશ અને આયોજન મુજબ મહીસાગર જીલ્લાની સંતરામપુર તાલુકાની ચિતવા પગાર કેન્દ્રની પટેલ ફનિયા વર્ગ બુગઢ પ્રાથમિક શાળાના આચાર્ય રમેશકુમાર બી. ચૌહાણના આયોજન અને સ્ટાફમિત્રોના સહકારથી ચિતવા કલસ્ટરની તલાદરા પ્રાથમિક શાળા સાથે ઓન લાઈન વર્ચ્યુઅલ વીનીંગ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. જેમાં બંને શાળાના ધોરણ ૬ થી ૮ નાં બાળકો દ્વારા પ્રાથના, અભિનયગીત, ચિત્ર પ્રદર્શન, ઉખાણા, વિવિધ વિષયો પર વકતવ્ય, યોગ નિદર્શન, કાવ્યગાન, છાપકામ, વાત, જોડકણા, દેશભકિત ગીત વગેરે જેવી સહ અભ્યાસિક પ્રવૃત્તિઓનું આદાન પ્રદાન માઈક્રો સોફટ ટીમ્સના માધ્યમથી કરવામાં આવ્યું .આ પ્રસંગે સી.આર. સી.કો.ઓ. રાકેશભાઈ પટેલ ઉપસ્થિત રહી બાળકો અને શિક્ષકોને પ્રેરણા, પ્રોત્સાહન અને માર્ગદર્શન પૂરૂ પાડેલ.

## ગોધરા વાવડી ટોલબુથ પાસે કારમાં આગ લાગતાં ૩૨ વિદ્યાર્થીઓના ડોક્યુમેન્ટ બળીને ખાખ


ગોધરા,

દાહોદ-ઈન્દોર હાઈવે રોડ ઉપર વાવડી ટોલ બુથ પાસેથી પસાર થતી ફોર વ્હીલમાં આગ લાગતાં કારની ડીકીમાં રાખેલ ૬૩ વિદ્યાર્થીઓ પૈકી ૩૨ વિદ્યાર્થીઓના એડમિશન મો જમા કરાવવા અસલ ડોકયુમેન્ટ સળગી જઈ નુકશાન થયાની ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે દાહોદ સુદામા નગરમાં રહેતા સંતોષકુમાર માધવસિંહ પલાસ પોતાના કબ્જાની ફોર વ્હીલ જીજે.૦૬.ડીજી.૫૬૭૫માં ગાંધીનગર થી દાહોદ આવતા હતા. દરમ્યાન ગોધરા નજીક વાવડી ટોલ બુથ ઉપર કારના બોનેટ માંથી ધુમાડો નીકળીને આગ લાગી હતી. કારમાં આગ લાગતા કારની ડીકીમાં મુકેલ ૬૩ વિદ્યાર્થીઓના એડમિશન માટે જમા કરાવેલ અસલ ડોકયુમેન્ટ પૈકી ૩૨ વિદ્યાર્થીઓ જમા કરાવેલ અસલ ડોકયુમેન્ટ સળગી જતાં નુકશાન થયાની ફરિયાદી ગોધરા તાલુકા પોલીસ મથકે નોંધાવા પામી છે.

### મહાશિવરાત્રી પર ૧૦૧ વર્ષ બાદ રચાયો અદ્ભૂત સંયોગ

## આજે મહાશિવરાત્રીઃ શિવયોગ, સિદ્ધિયોગ અને ઘનિષ્ઠા નક્ષત્રનો સંયોગ



અમદાવાદ,

મહાશિવરાત્રિ ભગવાન શિવજીને પ્રસન્ન કરવા માટે સૌથી સારો દિવસ છે. આ દિવસે ભોલેનાથના ઉપાસક તેમની વિશેષ પૂજા અર્ચના કરીને મનોવાંછિત ફળોની પ્રાપ્તિ કરી શકે છે. આ વર્ષે શિવ પર્વ ખુબજ ખાસ છે. મહાશિવરાત્રીએ ૧૦૧ વર્ષ પછી વિશેષ સંયોગ રચાઈ રહ્યો છે. જ્યોતિષવિદોનું કહેવુ છે કે મહાશિવરાત્રીએ શિવયોગ, સિદ્ધિયોગ અને ઘનિષ્ઠા નક્ષત્રનો સંયોગ છે. આથી આ તહેવારનું મહત્વ વધી ગયુ છે. આ શુભ યોગથી મહાશિવરાત્રીની પૂજા કરવાથી વિશેષ લાભની પ્રાપ્તી થાય છે.

ફાગણ માસની કૃષ્ણ પક્ષની ત્રયોદશી યુક્ત ચતુર્દશી તિથિએ મહાશિવરાત્રીનો તહેવાર મનાવવામાં આવશે. ૧૧ માર્ચ ગુરૂવારે ત્રાયોદશી અને ચતુર્દશી છે. આ દિવસે શિવ યોગ, સિદ્ધિ યોગ અને ઘનિષ્ઠા નક્ષત્ર હોવાથી ખુબ જ દુર્લભ સંયોગ રચાઈ રહ્યો છે. મહાશિવરાત્રીએ આવી સંયોગ ૧૦૧ વર્ષ પછી રચાયો છે. હિન્દુ ધર્મની માન્યતાઓ અનુસાર ભગવાન શિવ અને માતા પાર્વતીના વિવાહ આ દિવસે થયા હતા. ભોલેનાથના વિવાહમાં દેવી દેવતાઓ સહિત દાનવ, કિન્નર, ગંધર્વ, ભૂત,પિશાચ પણ સામેલ હતા. મહાશિવરાત્રી પર શિવલિંગને ગંગાજળ, દૂધ, ઘી, મધ અને સાકરનું મિશ્રણ કરી એટલેકે પંચામૃતથી સ્નાન કરાવો. ફાગણ માસની વદ ચૌદશે સંસારના કલ્યાણ હેતુ શિવલિંગનું પ્રાગટ્ય થયુ.

ત્રણ સંયોગોનું મુહૂર્તઃ-

૧૧ માર્ચ સવારે ૯:૨૪ સુધી શિવ યોગ રહેશે. સિદ્ધિ યોગ લાગી જશે જે ૧૨ માર્ચ સવારે ૮:૨૯ સુધી રહેશે. શિવ યોગમાં કરેલા તમામ મંત્ર શુભદાયક ફળ આપશે. ત્યારબાદ ૯:૪૫ સુધી ઘનિષ્ઠા નક્ષત્ર રહેશે.

-: મહાશિવરાત્રીની પૂજા વિધી :-

વહેલી સવારે ઉઠીને સ્નાન કરો માટીના વાસણમાં પાણી અથવા દૂધ ભરો અને તેના ઉપર બિલ્વપત્ર ચડાવો. ધતુરાના ફૂલ ચડાવો. ત્યારબાદ શિવલિંગ પર અભિષેક કરો. જો તમે શિવ મંદિરમાં જઈ શકતા નથી તો તમે ઘરે માટીનું શિવલિંગ બનાવીને તેમની પૂજા કરી શકો છો. શિવ પુરાણ વાંચો અને મહામૃત્યુંજય મંત્ર અથવા શિવના પંચાક્ષર મંત્ર ? નમઃ શિવાયનો જાપ કરો.

### દેશની આઝાદીના ૭૫ વર્ષની રાષ્ટ્ર-રાજય વ્યાપી ઉજવણીના ઉપલક્ષ્યમાં

## મહીસાગર જિલ્લાના લુણાવાડા અને સંતરામપુર તાલુકાના માનગઢ હીલ્સ ખાતે ઉજવણી કરવામાં આવશે

લુણાવાડા,

ભારતની સ્વતંત્રતા-આઝાદીના ૭૫ વર્ષ પૂર્ણ થવાના અવસર આઝાદી કા અમૃત મહોત્સવની રાષ્ટ્રવ્યાપી ઉજવણીનો તા.૧૨મી માર્ચથી અમદાવાદના સાબરમતી આશ્રમથી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી પ્રારંભ કરાવશે.

દેશની આઝાદીના ૭૫ વર્ષની રાષ્ટ્ર-રાજય વ્યાપી ઉજવણીના ઉપલક્ષ્યમાં જિલ્લા કલેકટર આર. બી. બારડના માર્ગદર્શન હેઠળ મહીસાગર જિલ્લાના લુણાવડા અને સંતરામપુર તાલુકાના માનગઢ હીલ્સ ખાતે આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણી કરવામાં આવશે.

મહીસાગર જિલ્લામાં INDIA@75 આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણી ૧૨/૩/૨૦૨૧ના રોજ સવારના ૧૦-૦૦ કલાકે સંતરામપુર તાલુકાના માનગઢ હીલ્સ ખાતે રાજયના કૃષિ રાજય મંત્રી જયદ્રથસિંહજી પરમાર અને જિલ્લાના મુખ્ય મથક લુણાવાડા ખાતે ગાંધી કુટિર, લુણાવાડા અને બાવન પાટીદાર હોલ ખાતે ગાંધીનગર ગુજરાત રાજય બાળ અધિકાર સંરક્ષણ આયોગના અધ્યક્ષ મતી જાગૃતિબેન પંડયાની ઉપસ્થિતિમાં કરવામાં આવશે.

આઝાદી મેળવવા મરીફિટનારા દેશ પ્રેમીઓનો મંત્ર ડાઈ ફોર ધ નેશન હતો હવે આપણે લીવ ફોર ધ નેશનના ધ્યેય સાથે વર્તમાન અને ભાવિ પેઢીમાં રાષ્ટ્રપ્રેમની ભાવનાને વધુ બળવાન બનાવવાના ધ્યેય સાથે આ ઉજવણી કરવામાં આવી રહી છે.

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીએ સાબરમતી આશ્રમથી તા.૧૨મી માર્ચ ૧૯૩૦ના યોજેલી દાંડીયાત્રાની સ્મૃતિને વર્તમાન સમયમાં ઊજાગર કરતાં ૮૧ પદયાત્રીઓની સાબરમતી આશ્રમથી દાંડી સુધીની ૩૮૬ કિ.મી.ની દાંડીયાત્રાથી આ ઉજવણીનો પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી પ્રારંભ કરાવશે. આ ઉજવણીનો પ્રારંભ પ્રસંગે દેશભરમાં અને ગુજરાતમાં પણ એક સાથે ૭૫ સ્થળોએ રાષ્ટ્રપ્રેમ-જનચેતના સભર વિવિધ કાર્યક્રમો યોજાશે. સ્વતંત્રતા સંગ્રામમાં મહત્વની ભૂમિકા નિભાવનારૂં ગુજરત આઝાદી કા અમૃત મહોત્સવની પણ ગરીમાસભર ઉજવણી કરવા કૃતસંકલ્પ છે. ગુજરાતમાં મહાત્મા ગાંધી અને સ્વતંત્રતા સંગ્રામ સાથે જોડાયેલા સ્થળો પૈકી બારડોલી, દાંડી, પોરબંદર, રાજકોટ, વડોદરા અને માંડવીમાં મોટા કાર્યક્રમો સહિત મહીસાગર જિલ્લાના મુખ્ય મથક અને અન્ય સ્થળોએ મળી ૭૫ કાર્યક્રમો એક સાથે યોજવામાં આવી રહ્યા છે. આ બધા જ સ્થળોએ પ્રધાનમંત્રીની ઉપસ્થિતિમાં યોજાનારા સાબરમતી આશ્રમના કાર્યક્રમનું વર્ચ્યુઅલ પ્રસારણ પણ કરવામાં આવનાર છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૧૪૪૨, તા. ૧૧-૦૩-૨૦૨૧, ગુરૂવાર, મહા વદ-૧૩, મહાશિવરાત્રી, સૂર્યોદય-૬-૩૬, સૂર્યાસ્ત-૬-૨૬, જૈન નવકારશી-૮-૧૦, આજની રાશિ : મકર (ખ.જ.), નક્ષત્રઃ ધનિષ્ઠા

| | |
|---|---|
| સૂર્ય-કુંભ<br>ચંદ્ર-કર્ક<br>મંગળ-ધન<br>બુધ-કુંભ<br>ગુરૂ-ધન<br>શુક્ર-મેષ<br>શનિ-મકર<br>રાહુ-મિથુન<br>કેતુ-ધન<br>હર્ષલ-મેષ<br>નેપ્ચ્યુન-કુંભ<br>પ્લુટો-મકર | - શુભ ચોઘડીયા -<br>અભિજીત ૧૩-૩૯ થી ૧૩-૨૪, ૮-૪૬ થી શુભ ૧૦-૧૧ સુધી, ૧૩-૦૧ થી ચલ-લાભ-અમૃત, ૧૭-૧૬ સુધી, ૧૮-૪૨ થી લાભ-૨૦-૧૬ સુધી, ૨૧-૫૧ થી શુભ-અમૃત-૨૫-૦૧ સુધી<br><br>- શુભ હોરા-<br>૮-૧૮ થી ૯-૧૪ સુધી, ૧૧-૦૮થી ૧૩-૫૮ સુધી, ૧૪-૫૫થી ૧૩-૫૧ સુધી ૧૭-૪૫થી ૨૦-૪૮ સુધી |

## હાલોલથી ઉજ્જૈન દર્શને જતાં કાર અકસ્માતમાં એકનું મોત : ચારને ઈજાઓ



હાલોલ,

હાલોલના પાંચ યુવાનો સ્વીફ્ટ કાર લઈને ઉજ્જૈન દર્શન માટે નીકળ્યા હતા. મધ્યપ્રદેશની હદમાં પેટલાવાદ ગામ પાસે કાર ઘાસ ભરેલ ટેમ્પો ટ્રકની પાછળ ધુસી જતાં અકસ્માત સર્જાયો હતો. પાંચ યુવકો પૈકી એકનું ઘટના સ્થળે મોત નિપજાવા પામ્યું. જ્યારે ચારને ઈજાઓ થતાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા.

પ્રાપ્ત વિગતો પ્રમાણે હાલોલ ખાતે રહેતા પાંચ યુવાનો પોતાની સ્વીફટ કાર લઈને ઉજ્જૈન મહાકાલના દર્શન માટે નીકળ્યા હતા. ગુજ્રાતની હદ વટાવી મધ્યપ્રદેશમાં આવતાં પેટલાવાદ ગામ પાસે થી પસાર થઈ રહ્યા હતા. ત્યારે ઘાસ ભરેલ ટેમ્પો ટ્રકની પાછળ કાર ઘુસી જતાં અકસ્માત સર્જાયો હતો. જેમાં એક યુવાનનું ઘટના સ્થળે મોત નિપજાવા પામ્યું હતું. બીજા યુવાનને મોઢાના ભાગે ગંભીર ઈજાઓ થવા પામી હતી. અન્ય યુવાનને નાની મોટી ઈજાઓ થતાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. હાલોલ રાણા સમાજના યુવાનોની કાર અકસ્માત નડતા એક યુવાનનું મોત થવાના પગલે સમાજમાં ઘેરાશોકની લાગણી પ્રસરી જવા પામી છે.

## દૈનિક રાશીફળ

તા.૧૧.૦૩.૨૦૨૧ ગુરૂવાર

મેષ (અ.લ.ઈ.) :- મિત્રો સગા સ્નેહીજનો સાથે મિલન મુલાકાત થાય ઉત્સાહ વધવાનો. અચાનક લાભની આશા ફળવાની રોમાન્સમાં સફળતા.

વૃષભ (બ.વ.ઉ.) :- બીઝનેશના પ્રશ્નમાં દિવસ લાભદાયી નીવડે આર્થિક લાભ મલવાનો તબીયત બાત બેદરકારી ન રાખવી. મિલકતથી લાભ.

મિથુન (ક.છ.ઘ.) :- શુભેચ્છકોનો સહયોગ મલવાનો નવા આયોજન બાબત સફળતાવાળો દિવસ રહે. સ્નાયુને લાભ તકલીફોથી જાળવવું.

કર્ક (ડ.હ.) :- મનગમતી વ્યકિતની મુલાકાત થાય ઉત્સાહ વધવાનો ખાણી પીણીથી જળવવું કિંમતી ચીજ વસ્તુની ખરીદી થાય.

સિંહ (મ.ટ.) :- ખુશામત ખોરોથી જાળવજો. મિલ્કતના પ્રશ્નોથી લાભ વધુ પડતો કાર્યભાર ટાળજો વિદેશથી સારો લાભ મલવાનો.

કન્યા (પ.ઠ.ણ.) :- કારણ વગરના વિચારોથી દૂર રહેજો સ્વજનો સાથે વિચાર વિર્મશ કરો -નકારાત્મક વિચારો દૂર રહેજો. પ્રવાસથી લાભ.

તુલા (ર.ત.) :- મનની ઈચ્છાઓ ફળવાની છે નોકરીમાં કોઈ સારો લાભ રહે. પિતાશ્રી સાથે દલીલ લાભથી દૂર રહેવું.

વૃશ્ચિક (ન.ય.) :- ખર્ચ ઉપર લગાવ રાખવી જરૂરી રહે. નવી ઓળખાણથી લાભ, નોકરીમાં સ્થિરતા રાખવી જરૂરી રહે.

ધન (ભ.ધ.ફ.ઢ.) :- આર્થિક સાહસો માટે કોઈ ઉતાવળ ન કરવી મુલાકાત સફળ થાય. બીજા ઉપર વધુ વિશ્વાસ ન રાખવો.

મકર (ખ.જ.) :- અગત્યની કામગીરી આગળ વધવાની છે. વધુ પડતા અધીરા ન થતા વીજાતીય વ્યકિતથી લાભ રહેવાની.

કુંભ (ગ.શ.સ.) :- મિત્ર વર્તુળમાં વધારો થવાનો છે કુનેહ પૂર્વક નિર્ણયો લેજો સાંજ પછી કોઈ સારો લાભ રહે.

મીન (દ.ચ.ઝ.) :- મહત્વના કાર્યોમાં સફળતા રહે. આવક વૃધ્ધિ થાય પરિવારમાં ઉત્સાહ રહે. માંગલીક પ્રસંગો સફળ થાય.

## વડાપ્રધાન મોદી આવતીકાલે અમદાવાદની મુલાકાતેઃ આઝાદી કા અમૃત મહોત્સવનો થશે પ્રારંભ



અમદાવાદ,

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આવતીકાલે એટલે કે શુક્રવારે અમદાવાદના ગાંધીઆશ્રમની મુલાકાતને લઈને તૈયારીઓને આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે. ગાંધીઆશ્રમ નજીક આવેલા અભય ઘાટ પર વડાપ્રધાન નરેન્દ્ર મોદી સભાને સંબોધન કરશે. જ્યાં એરકંડીશનર ડોમ બનાવવામાં આવ્યો છે. ગાંધીઆશ્રમમાં સિક્યોરિટીને ધ્યાને રાખી ત્રણ ડોમ બનાવવામાં આવ્યા છે. આઝાદીની ૭૫મી વર્ષગાંઠની ઉજવણીનો પ્રારંભ પણ થશે સાથે સાથે, 'આઝાદી કા અમૃત મહોત્સવ'નો પ્રારંભ ૧૨ માર્ચના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની હાજરીમાં થશે. તમામ તૈયારીઓને ધમધમાટ પણ શરૂ કરી દેવામાં આવ્યો છે. સાથે જ બાપુના નિવાસ સ્થાન હૃદયકુંજ સહિત સમગ્ર આશ્રમમાં રંગરોગાણ પણ કરાયુ છે. સુરક્ષા અને વ્યવસ્થા અંગેનું નિરીક્ષણ કરવા માટે એસપીજીના ત્રણ અધિકારીઓ ગાંધીઆશ્રમની મુલાકાત પણ લીધી હતી. આ કાર્યક્મ અંતર્ગત પ્રથમ કાર્યક્રમ ૨૧ દિવસની દાંડીયાત્રાનો પણ પીએમ મોદી ફલેગ ઓફ કરશે. હાલ ગાંધી આશ્રમના ડેવલપમેન્ટનો બેઝિક ડિઝાઈન પ્લાન પણ તૈયાર કરી દેવાયો છે અને જેને કેન્દ્ર સરકારમાં ફાઈનલ મંજૂરી માટે મોકલવામા આવ્યો છે. કેન્દ્ર સરકારની ફાઈનલ મંજૂરી બાદ કામગીરી શરૃ કરાશે.મહત્વનું છે કે ગાંધી આશ્રમના આર્કિટેકચર પ્લાન અને ડિઝાઈનિંગની જવાબદારી અમદાવાદના આર્કિટેકટ બિમલ પટેલને અપાઈ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગાંધી આશ્રમની મુલાકાતે આવવાના છે ત્યારે વડાપ્રધાન ગાંધી આશ્રમના ડેવલપમેન્ટ પ્રોજેકટ બાબતે પણ ચર્ચા કરશે.ગાંધી આશ્રમના સંપૂર્ણ નવિનિકરણ પ્રોજેક્ટ માટે એક હજારથી બારસો કરોડનો ખર્ચ અંદાજવામા આવ્યો છે. પીએમ મોદીની એક મહિનામાં બીજી મુલાકાત છે. આ પહેલા તેઓ કેવડિયા કોલોની ખાતે જોઈન્ટ કમાન્ડની બેઠકમાં હાજરી આપવા આવ્યા હતા, આ કાર્યક્રમમાં મંત્રીઓ અને ૮૧ ગાંધી અનુયાયીઓ પણ જોડાશે કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાની, કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયા હાજર રહેશે. આ મુલાકાતને લઈને રાજ્ય સરકારે પણ તડામાર તૈયારીઓ કરી છે.

## હાર્દિક પટેલને હાઈકોર્ટમાંથી મોટો ઝટકો, કાયમી રાજ્ય બહાર જવાની અરજી ફગાવી

અમદાવાદ,

કોંગ્રેસના કાર્યકારી પ્રમુખ હાર્દિક પટેલને ગુજરાત હાઈકોર્ટમાંથી ઝટકો મળ્યો છે. હાર્દિક પટેલને રાજ્ય બહાર જવાની પરવાનગી અંગે આજે ઝટકો મળ્યો છે. હાર્દિક પટેલને હાલમાં રાજ્ય બહાર જવા માટે કોર્ટની પરવાનગી લેવી જરૂરી છે. ત્યારે હાર્દિકે રાજ્ય બહાર કાયમી પ્રવાસ કરવા માટે પરવાનગી માંગી હતી પરંતુ આજે ગુજરાત હાઈકોર્ટે તેમની અરજી ફગાવી દીધી હોવાના અહેવાલ છે. અગાઉ હાર્દિક પટેલ સેશન કોર્ટે અમદાવાદ ખાતે પંદર દિવસ માટે ગુજરાત બહાર જવાની મંજૂરી આપી હતી. આજે હાઈકોર્ટમાં આ સંદર્ભમાં હાર્દિકે કરેલી અરજીની સુનાવણીમાં કોર્ટે મંજૂરી આપી નથી. પાટીદાર અનાતમત આંદોલન દરમિયાન હાર્દિક પટેલ પર રાજદ્રોહનો કેસ થયો હતો અને તેમની ધરપકડ કરી અને તેમને સુરતની લાજપોર જેલમાં મૂકી દેવામાં આવ્યા હતા.

દરમિયાન તેમને જામીન મળ્યા બાદ પહેલાં ચોક્કસ સમય માટે રાજ્યની બહાર રહેવાનો હુકમ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ રાજ્યની બહાર જવા માટે પરવાનગી લેવાની શરત હતી.

# દાહોદ રામપુરા ગામના યુવકના હત્યાના શકમંદોના ઘર ઉપર ટોળાએ હુમલો કરી તોડફોડ કરતાં ફરિયાદ

દાહોદ,

દાહોદ તાલુકાના રામપુરા ગામે રહેતા એક યુવકની લાશ પચ્ચીસ દિવસ અગાઉ બોરવાણી ગામના રેલ્વે ટ્રેક પાસેથી મળી આવી હતી અને શકમંદોના આધારે રામપુરા ગામે રહેતા કેટલાક વ્યકિતઓ વિરૂધ્ધ અંગત અદાવતે યુવકની હત્યા કરાઈ હોવાની ફરિયાદ પણ નોંધાવા પામી હતી ત્યારે આ મામલે મરણ જનાર યુવકના ફળિયામાં રહેતા ૧૯ જેટલા ઈસમોના ટોળાએ મારક હથિયાર ધારણ કરી ગામમાંજ રહેતા બીજા એક ફળિયામાં આવી તમારા ફળિયાના માણસોએ અમારા ફળિયાના યુવકને મારી નાંખ્યો હોવાના આક્ષેપો સાથે બેફામ ગાળો બોલી, કીકીયારીઓ કરી ઘરોમાં ટોળુ ઘસી આવી તોડફોડ સહિત સરસામાન વિરવિખેર કર્યા બાદ ભારે ધિંગાણું મચાવી ટોળું નાસી જતાં વિસ્તારમાં ભયનો માહોલ સર્જાવા પામ્યો હતો. આ સંબંધે ટોળા વિરૂધ્ધ પોલીસ મથકે ફરિયાદ નોંધાતાં પોલીસે ટોળાના ધરપકડના ચક્રોગતિમાન કર્યા છે.

રામપુરા ગામે રહેતા રમુડાભાઈ મનસુખભાઈ મેડાની લાશ ગત તા.૧૫.૦૨.૨૦૨૧ના રોજ બોરવાણી ગામે રેલ્વે ટ્રેક પાસેથી મળી આવી હતી. આ સંબંધે રામપુરા ગામે ભુરીયા ફળિયામાં રહેતા સુરતાબેન વસંતભાઈ ભુરીયા સહિતના માણસો દ્વારા રમુડાભાઈ મેડાને અંગત અદાવતે મોતને ઘાટ ઉતાર્યા હોવાની શકમંદોના આધારે ફરિયાદ પણ પોલીસ મથકે નોંધાઈ હતી. આ અંગેની અદાવત રાખી ગત તારીખ ૦૭મી માર્ચ ૨૦૨૧ના રોજ સાંજના સાડા ચારેક વાગ્યાના આસપાસ ભુરીયા ફળિયામાં રહેતા ગનીયાભાઈ મકુભાઈ ભુરીયા તથા તેમના પરિવારજનો ઘરે હાજર હતાં તે સમયે રામપુરા ગામે મેડા ફળિયામાં રહેતા રમકાબાઈ મનસુખભાઈ મેડા, દિનાભાઈ મનસુખભાઈ મેડા, સંજયભાઈ મનસુખભાઈ મેડા, બાબુભાઈ નરસીંગભાઈ મેડા, રમેશભાઈ નરસીંગભાઈ મેડા, હવલાભાઈ સમસુભાઈ મેડા, વિનોદભાઈ હવલાભાઈ મેડા, રાજુભાઈ વરસીંગભાઈ મેડા, સંજયભાઈ વાલચંદભાઈ મડા, વિજયભાઈ વાલચંદભાઈ મેડા, રાહુલભાઈ રમેશભાઈ મેડા, શનાભાઈ રમેશભાઈ મેડા, શૈલેષભાઈ શનાભાઈ મેડા, મોઈલાભાઈ રમણભાઈ મેડા, સંતોષભાઈ લક્ષ્મણભાઈ સંગાડીયા, ધર્મેશભાઈ રાજુભાઈ મેડા તેમજ રમેશભાઈ તેરસીંગભાઈ તડવી, દિપસીંગભાઈ તડવી (બંન્ને રહે.કંબોઈ) અને મંગાભાઈ વિરસીંગભાઈ સંગાડા (રહે.રોઝમ, ઉભડ ફળિયું) નાઓ ગેરકાયદે મંડળી બનાવી, એકસંપ થઈ પોતાની સાથે મારક હથિયારો ધારણ કરી તેમજ કીકીયારીઓ કરી ગનીયાભાઈ ભુરીયાના ઘર તરફ ધસી આવ્યાં હતા અને બેફામ ગાળો બોલી કહેવા લાગેલ કે, તમો ભુરીયા ફળિયાના માણસોએ અમારા મેડા ફળિયાના રમુડાભાઈ મેડાને મારી નાંખેલ છે, તેમ કહી ગનીયાભાઈ ભુરીયા તથા તેમના માણસો તેમજ પરિવારજનોને ડરાવી ભગાવી દીધા હતા અને આસપાસના ઘરોમાં ઘુસી જઈ ટોળાએ ઘરોમાં ગેરકાયદે પ્રવેશ કરી ઘરમાં તોડફોડ, ઘરના નળીયાની તોડફોડ તેમજ સામાનની તોડફોડ કરી ભાગે ધિંગાણું મચાવી, તમોને ગામમાં રહેવા દેવાના નથી અને ગામમાં આવશો તો જીવતા નહીં છોડીયે અને મારી નાંખવાની ધમકીઓ આપી ભારે ધિંગાણું મચાવતાં વિસ્તારમાં ભયનો માહોલ સર્જાવા પામ્યો હતો.

આ સંબંધે રામપુરા ગામે ભુરીયા ફળિયામાં રહેતા ગનીયાભાઈ મકુભાઈ ભુરીયાએ દાહોદ તાલુકા પોલીસ મથકે ઉપરોક્ત ટોળા વિરૂધ્ધ ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સાંસદ આદર્શ ગામ દુધીયામાં ગંદકીના સામ્રાજય વચ્ચે સ્વચ્છતા અભિયાનના ઉડતાં લીરેલીરા

દાહોદ,

દાહોદના સાંસદે પસંદ ખરેલ આદર્શ ગામ દુધીયામાં અનેક જગ્યાએ કચરાના ખડકલા અને રોડ પર વહેતા ગંદા પાણીની સમસ્યા લોકો માટે માથાનો દુખાવા સમાન બની ગયા છે . આ સાથે જ ગામ પંચાયતની સ્વચ્છતા અભિયાનની કામગીરી સામે પણ સવાલો ઉઠયા છે . દાહોદના સાંસદનું આદર્શ ગામ દુધીયા એક મોટું વેપારી મથક છે. તેથી અહીં રોજિંદા હજારો લોકો ખરીદી અને અન્ય કામ માટે આજુ બાજુના ગામડાઓમાંથી આવતા હોય છે. ત્યારે અહીં ગંદકીની સમસ્યા માઝા મુકી રહી છે. દુધીયા નગરમાં અનેક વિસ્તારોમાં કચરાના ઢગ જોવા મળી રહ્યા છે. આ ઉપરાંત દુધીયામાં રોડ પર ગંદા પાણીની ગટર ગંગા વહી રહી છે. તેમ છતાં આદર્શ ગામ દુધીયા ગ્રામ પંચાયતના નિષ્ક્રિય શાસકો ઉપરોકત સમસ્યા પ્રત્યે આંખ આડા કાન કરી રહ્યા છે. આ સાથે જ સ્વચ્છતા અભિયાનના સાંસદ આદર્શ ગામમાં દુધીયામાં લીરેલીરા ઉડી રહ્યા હોય એમ લાગી રહ્યું છે . આદર્શ ગામ દુધીયામાં સ્વચ્છતા અભિયાન માત્ર કાગળ ઉપર ચાલતું હોય તેમ લાગી રહ્યું છે. આ સાથે જ દુધીયામાં બહારગામથી આવતા લોકોમાં ગંદકીની બાબત ચર્ચાનો વિષય બનવા સાથે પંચાયત શાસકો લોકોમાં ટીકાપાત્ર બન્યા છે. ત્યારે સરકાર દ્વારા ફાળવવામાં આવતી સ્વચ્છતાની ગ્રાન્ટ નો ઉપયોગ ખરેખર સ્વચ્છતાના કામે વપરાય અને દુધીયા ને ખરા અર્થમાં આદર્શ ગામ બને તે જરૂરી છે.



# કલેકટર વિજય ખરાડીની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં કાર્યક્રમોની રૂપરેખા નક્કી કરાઈ

દાહોદ,

આગામી ૧૫ ઓગષ્ટે દેશને આઝાદી મેળવ્યે ૭૫ વર્ષ પૂરા થશે. આ નિમિત્તે સમગ્ર દેશમાં ૭૫ સપ્તાહ પૂર્વેથી એટલે કે આગામી ૧૨ માર્ચથી આઝાદીનો અમૃત મહોત્સવ નામથી વિવિધ કાર્યક્રમોનો પ્રારંભ કરવામાં આવશે. જે દિવસે ઐતિહાસિક દાંડીકૂચની ૯૧મી વર્ષગાંઠ પણ છે. દાહોદ જિલ્લામાં પણ આઝાદીના અમૃત મહોત્સવનો પ્રારંભ આગામી ૧૨ માર્ચથી દાહોદ અને ઝાલોદ ખાતે મુખ્ય કાર્યક્રમો યોજીને કરવામાં આવશે.



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

જિલ્લા સેવા સદન, દાહોદ ખાતે કલેકટર વિજય ખરાડીની અધ્યક્ષતામાં બેઠક યોજીને આઝાદીના અમૃત મહોત્સવના કાર્યક્રમોની રૂપરેખા નક્કી કરવામાં આવી હતી. આ કાર્યક્રમો રાજયકક્ષાના મંત્રી બચુભાઈ ખાબડ તેમજ સંસદસભ્ય જશવંતસિંહ ભાભોરની અધ્યક્ષતામાં દાહોદ અને ઝાલોદ ખાતે યોજાશે. આ ઉપરાંત વિવિધ કાર્યક્રમોમાં સાયકલ રેલી, બાઈક રેલી પાણી બચાવો, અનાજ બચાવો, વધુ વૃક્ષો વાવો થીમ પર યોજાશે. આ ઉપરાંત વચ્યુઅલ ઈવેન્ટ ઓન મેડ ઈન ઈન્ડિયા, વોકલ ફોર લોકલ, સ્ટાર્ટ અપ ચેલેન્જ, ઐતિહાસિક અને પ્રવાસન સ્થળોએ સ્વચ્છતા અભિયાન જેવા કાર્યક્રમો યોજવામાં આવશે.

# દાહોદ જીલ્લા પંચાયત અને તાલુકા પંચાયત પ્રમુખ અને ઉપપ્રમુખ ચુંટણી ૧૭ માર્ચે યોજાશે

દાહોદ,

દાહોદ જિલ્લામાં સ્થાનીક સ્વરાજયની ચુંટણી સંપન્ન થયા બાદ દાહોદ જિલ્લામાં સમગ્ર વિસ્તારોમાં ભાજપે પોતાનો પરચમ લહેરાવી દીધો છે. ત્યારે દાહોદ જિલ્લા પંચાયત અને જિલ્લાની ૦૯ તાલુકા પંચાયતના પ્રમુખ, ઉપપ્રમુખ ચુંટણી ૧૭મી માર્ચના રોજ સવારે યોજાનાર છે.

તાજેતરમાં દાહોદ જિલ્લાની સ્થાનીક સ્વરાજયની યોજાયેલી ચુંટણીમાં જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકામાં ભાજપે જવલંત વિજયી મેળવ્યો છે અને પ્રમુખ, ઉપપ્રમુખ માટે છેલ્લા કેટલાક દિવસોથી તરેહ તરેહની ચર્ચાઓ ઉઠવા પામી હતી. જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતના પ્રમુખ કોણ બનશે તેના માટે અને પ્રમુખ, ઉપપ્રમુખ બનવા માટે દાવેદારો ગોડફાધરોના શરણે ગયા હોવાનું પણ જાણવા મળે છે અને પોતે પ્રમુખ, ઉપપ્રમુખ બને તેવા પ્રયત્નો પણ દાવેદારો હાથ ધરી રહ્યાં છે. જિલ્લા પંચાયચ, નવ તાલુકા પંચાયતમાં ભાજપની સ્પષ્ટ બહુમતિ થવા પામી છે ત્યારે હવે પ્રમુખ, ઉપપ્રમુખ માટેની ચુંટણી૧૭મી માર્ચના રોજ સવારના ૧૧ કલાકે જે તે તાલુકા મથકે યોજાનાર છે.

# દાહોદ શ્રી કૃષ્ણ સ્વીટ્સને સ્વચ્છતા રેન્કિંગમાં ચીફ ઓફિસર દાહોદના હસ્તે A ગ્રેડ એનાયત

દાહોદ,

દાહોદ નગર પાલિકા દ્વારા સ્વચ્છ દાહોદ, સ્વસ્થ દાહોદ અંતર્ગત એક સર્વે કરવામાં આવ્યો હતો. જેમાં દાહોદ નગર પાલિકાના ચીફ ઓફિસર દ્વારા આ કોરોના કાળમાં દાહોદ નગરની દરેક હોટલો, શાળાઓ, હોસ્પિટલો, દરેક ફળીયા, મહોલ્લા, માર્કેટ, બાગ બગીચા તથા પાર્કિંગનો સર્વે કરવામાં આવ્યો હતો. જેમાં કૃષ્ણ સ્વીટ્સમાં દરેક પ્રકારની સ્વચ્છતા અને તેમના કર્મકચારીઓ દ્વારા નિયત સેનીટાઈઝેશનની કામગીરી કરવામાં આવતી હતી તેમજ કોવિડ ગાઈડ લાઈનના પાલન ઉપરાંત સ્વચ્છતાનું પણ રેગ્યુલર ધ્યાન રાખવામાં આવે છે અને આ સ્વચ્છ રેંકિંગ સર્ટિફિકેટ મેળવવા બાબતે નગર પાલિકા દ્વારા અમુક ચોક્કસ માપદંડ રાખવામાં આવ્યા હતા.

# દાહોદ જીલ્લામાં બાઈક ચોર ગેંગ સક્રિય થતાં ૯ બાઈકો ચોરી

દાહોદ,

દાહોદ જિલ્લાના ગરબાડા અને ઝાલોદ તાલુકામાંથી કુલ ૦૩ મોરસાઈકલોની ઉઠાંતરી થતાં જાણે દેવગઢ બારીઆના પીપલોદ બાદ મોટરસાઈકલ ચોર ટોળકી હવે દાહોજ જિલ્લાના બીજા વિસ્તારોમાં પણ સક્રિય થઈ હોય તેમ લાગી રહ્યું છે. ત્યારે પોલીસ દ્વારા આવા વાહન ચોર ટોળકીને તાત્કાલિક ઝબ્બે કરવામાં આવે તેવી લાગણી અને માંગણી વાહન માલિકોમાં ઉઠવા પામી છે.

મોટરસાઈકલ ચોરીનો પ્રથમ બનાવ ગરબાડા નગરના તળાવ પાસે બનવા પામ્યો હતો. જેમાં ગત તા.૦૨મી માર્ચના રોજ ગરબાડા તળાવ પાસે રહેતા હરીશભાઈ કેશવલાલ પંચાલે પોતાની મોટરસાઈકલ પોતાના ઘરના આંગણે લોક મારી પાર્ક કરી હતી. આ મોટરસાઈકલને કોઈ અજાણ્યા ચોર ઈસમોએ પોતાનો કસબ અજમાવી મોટરસાઈકલનું લોક તોડી ચોરી કરી લઈ નાસી જતાં આ સંબંધે હરીશભાઈ પંચાલે ગરબાડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. મોટરસાઈકલ ચોરીનો બીજો બનાવ ઝાલોદ તાલુકાના નવાધરા ગામે ડુંગરી ફળિયામાં બનવા પામ્યો હતો. જેમાં આ વિસ્તારમાં રહેતા સુહાગકુમાર હિંમતસિંહ પરમાર અને વિજયકુમાર ભુપતસિંહ સોલંકીની પોતપોતાના ઘરના આંગણે લોક મારી પાર્ક કરેલ મોટરસાઈકલને પણ કોઈ અજાણ્યા ચોર ઈસમોએ પોતાનો કસબ અજમાવી મોટરસાઈકલનું લોક તોડી ચોરી કરી લઈ નાસી જતાં આ સંબંદે સુહાગકુમાર હિંમતસિંહ પરમારે ઝાલોદ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# દાહોદ નગરપાલિકાના ૧૩ ઉમેદવારોને ચૂંટણી ખર્ચના હિસાબ રજૂ કરવા અલ્ટીમેટમ, હિસાબ રજૂ નહીં કરશે તો નોંધાશે પોલીસ ફરિયાદ

દાહોદ,

દાહોદ નગર પાલિકાની ચુંટણી પૂર્ણ થઈ ચુકી છે. હવે પ્રમુખ કોણ બનશે તેની ગણતરીઓ મંડાઈ રહી છે. તો બીજી તરફ ચુંટણી જીતીને અને હારીને કેટલાક ઉમેદવારો હવે નિયમો ભુલી ગયા હોય તેમ લાગી રહ્યુ છે. કારણ કે ૧૩ ઉમેદવારઓએ ચુંટણીના હિસાબો રજૂ ન કરતાં તમામને ૧૦ માર્ચ સુધીમાં હિસાબો રજૂ કરવા ચુંટણી અધિકારી દ્વારા નોટીસ ફટકારવામા આવી છે. જો તેમ કરવામાં નહી આવે તો ઉમેદવારો સામે પોલીસ કાર્યવાહી કરવામાં આવશે તેવી સ્પષ્ટ સુચના આપવામાં આવી છે. દાહોદ નગર પાલિકાની ૩૫ બેઠકોની ચુંટણી માટે તારીખ ૨૮ ફેબ્રુઆરીએ મતદાન કરવામાં આવ્યુ હતુ.કારણ કે ૩૬ બેઠક પૈકી ભારતીય જનતા પક્ષે એક બેઠક ચુંટણી પહેલાં જ બીનહરીફ જીતી લીધી હતી.આ ચુંટણીમાં ૫૮.૦૩ ટકા જેટલું મતદાન થયુ હતું. ત્યાર બાદ તારીખ ૨ માર્ચના રોજ મતગણતરી હાથ ધરવામાં આવી હતી.જેમાં કોંગ્રેસ અને ચુંટણી ચાણક્યો માટે ચોંકાવનારા પરિણામો જાહેર થયા હતા. પાલિકાની મતગણતરીમાં પ્રથમ વોર્ડથી જ ત્રણ બેઠકો મેળવી ભાજપે શહેરેમાં સરસાઈની શરુઆત કરી દીધી હતી.વોર્ડ નંબર ત્રણ બાદ કરતાં તમામ વોર્ડમાં ભાજપાની પેનલોએ પ્રચંડ જીત મેળવીને પાલિકામાં ૩૬ માંથી ૩૧ બેઠકો પર કબ્જો જમાવી દેતાં ગત વખત કરતાં ૯ વધારે બેઠકો પ્રાપ્ત કરી છે.હવે પ્રમુખ કોણ બનશે તેના પર સૌની મીટ મંડાયેલી છે. ત્યારે ચુંટણીમાં જીત કે હાર પછી કેટલાક ઉમેદવારો નિયમો ભુલી ગયા હોય તમ લાગી રહ્યું છે. પાલિકાની ચુંટણી દરમિયાન ઉમેદવારોએ કેટલો ખર્ચ કર્યો તેની રજે રજની માહિતી સાથે ચુંટણી વિભાગમાં તેના નિયત દિવસોએ હિસાબો રજૂ કરવાના હોય છે. જે ખર્ચ કર્યો તેના પાકા બીલો પણ રજૂ કરવાના હોય છે. તેમ છતાં ૧૩ જેટલા ઉમેદવારોએ પોતાના હિસાબો રજૂ ન કરતા ચુંટણીઅધિકારીએ લાલ આંખ કરી છે.આ તમામ ૧૩ ઉમેદવારોને નોટીસ ફટકારી ૧૦ માર્ચ સુધીમાં લોકલ ફંડની કચેરી,જિલ્લા સેવા સદનમાં હિસાબો રજૂ કરવા તાકીદ કરી છે.જો તેમ નહી કરવામાં ઓવે તો તેમની સામે પોલીસ કાર્યવાહી કરવામાંઆવશે તેમ પણ જણાવ્યુ છે.

# દે.બારીઆના માંડવ ગામે રેડમાં ૨.૨૪ લાખનો દારૂ સાથે એક ઈસમ ઝડપ્યો

દાહોદ,

દેવગઢ બારીઆ તાલુકાના માંડવ ગામે એક કોતરની બાજુમાં આવેલ ઝાડી ઝાંખરાની ખુલ્લી જગ્યામાં જંગી માત્રામાં વિદેશી દારૂ કટીંગ કરવાના ઈરાદે સંતાડી રાખેલ હોવાની બાતમી સાગટાળા પોલીસને મળતાં પોલીસે આ સ્થળે ઓચિંતી પ્રોહી રેડ કરતાં એકની અટકાય કરી સ્થળ પર તલાસી લેતાં વિદેશી દારૂ તેમજ બીયરની પેટીઓ મળી કુલ રૂા.૨,૨૪,૪૦૦ નો પ્રોહી જથ્થો પોલીસે કબજે કર્યાનું જાણવા મળે છે.

રમણભાઈ ઉર્ફે બનો પોપટભાઈ રાઠવા (રહે.માંડવ, બારીઆ ફળિયું, તા.દેવગઢ બારીઆ) દ્વારા ઈન્દુભાઈ પુનીયાભાઈ તોમર (રહે.કાછલા, તા.કઠીવાડા, જી.અલીરાજપુર, (એમ.પી) પાસેથી વિદેશી દારૂ મંગાવી પોતાના માંડવ ગામે બારીઆ ફળિયાના સ્મશાન વાળા કોતરની બાજુમાં આવેલ ઝાડી ઝાંખરાની ખુલ્લી જગ્યામાં વિપુલ પ્રમાણમાં વિદેશી દારૂ ઢાલવતો હતો અને આ વિદેશી દારૂ કટીંગ કરતો હોવાની પોલીસને માહિતી મળતાં પોલીસે ગત તા.૦૯મીમાર્ચ ૨૦૨૧ના રોજ ઉપરોક્ત સ્થળે ઓચિંતી પ્રોહી રેડ કરતાં પોલીસે રમણભાઈ ઉર્ફે બનો પોપટભાઈ રાઠવાને ઝડપી પાડ્યો હતો. આ બાદ પોલીસે સ્થળની તપાસ કરતાં સ્થળ પરથી વિદેશી દારૂના કવાટરીયાની પેટી નંગ.૧૫ બીયરની પેટીઓ નંગ.૫૦ મળી કુલ રૂા.૨,૨૪,૪૦૦ ના પ્રોહી જથ્થા સાથે રમણભાઈ તથા વિદેશી દારૂ આપનાર ઈન્દુભાઈ વિરૂધ્ધ સાગટાળા પોલીસે પ્રોહીનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ઝાલોદના કાળી મહુડી ગામે ચુંટણી સંબંધી અદાવતે ચાર ઈસમો મહિલાને મારતાં ફરિયાદ

ઝાલોદ,

ઝાલોદ તાલુકાના કાળી મહુડી ગામે ચુંટણી સંબંધી અદાવતે ચાર જેટલા ઈસમોએ એક મહિલાઓને માર મારી ખેતરમાં મકાઈની કડપને બાળી દઈ અંદાજે ૪ હજારનું નુકસાન કરતાં પોલીસમાં ફરિયાદ નોંધાવા પામી છે.

કાળી મહુડી ગામે જગા ફળિયામાં રહેતા મુકેશભાઈ ચીમનભાઈ નીનામા, સંજયભાઈ મુકેશભાઈ નીનામા, કલસીંગભાઈ સીકાભાઈ નીનામા અને વાલસીંગભાઈ ધીરાભાઈ નીનામાએ ચુંટણીની અદાવત રાખી જગા ફળિયામાં રહેતા દુધાભાઈ મેહાભાઈ નિનામાના ઘરે આવી બેફામ ગાળો બોલી એકદમ ઉશ્કેરાઈ જઈ બબલીબેનને લાકડી વડે તેમજ છુટ્ટા પથ્થરો વડે માર મારી શરીરે, હાથે પગે ઈજાઓ પહોંચાડી મારી નાંખવાની ધમકીઓ આપતાં આ સંબંધે દુધાભાઈ મેહાભાઈ નિનામાએ લીમડી પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# ફતેપુરા ભોજેલા ગામે ફોર વ્હીલ ઝાડ સાથે અથડાતા એક વ્યકિતનું મોત

ફતેપુરા,

ફતેપુરા તાલુકાના ભોજેલા ગામે એક ઈક્કો ફોર વ્હીલર ગાડીના ચાલકે પોતાના કબજાની ગાડી પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી અચાનક સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવી બેસતા ગાડી ઝાડ સાથે અથડાતાં અંદર બેઠેલ એક વ્યકિતને છાતીના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ થતાં તેનું સારવાર દરમ્યાન મોત નીપજ્યાનું જાણવા મળે છે.

ફતેપુરા તાલુકાના બલૈયા ગામે રહેતો કૃણાલકુમાર પ્રવિણકુમાર લબાના ગત તા.૦૯મી માર્ચના રોજ પોતાના કબજાની ઈક્કો ફોર વ્હીલર ગાડી પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી ભોજેલા ગામેથી પસાર થઈ રહ્યો હતો. આ દરમ્યાન ગાડી પરના સ્ટેરીંગનો કાબુ ગુમાવી બેસતાં ગાડીને નજીકમાં આવેલ ઝાડ સાથે ધડાકાભેર અથડાવતાં અંદર બેઠેલ શાંતીલાલભાઈ લીંબાભાઈ લબાનાને છાતીના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતા તેઓને તાત્કાલિક નજીકના દવાખાને સારવાર અર્થે ખસેડવામાં આવ્યાં હતા, પરંતુ સારવાર દરમ્યાન શાંતીલાલભાઈ લીંબાભાઈ લબાનાનું મોત નીપજતાં આ સંબંધે બલૈયા ગામે લીમડા ફળિયામાં રહેતા કાળુભાઈ લીંબાભાઈ લબાનાએ સુખસર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# લખણપુરમાં લખખણ દર્શાવનાર પત્રકારને મેથીપાક

ફતેપુરા,

ફતેપુરા તાલુકાના સુખસરના એક સાપ્તાહિક ન્યૂઝપેપર ના પત્રકાર દ્વારા લખણપુર ગામના એક ઈસમને પાસાનો હુકમ રદ કરાવી આપુ તેમ કહી સુખસર પીએસઆઈ ના નામે બે લાખ રૂપિયાની માગણી કરી તોડપાણી કરવા ગયેલા પત્રકારને મેથીપાક ચખાડ્યો હોવાની વાતને લઈ ખળભળાટ મચી જવા પામ્યો હતો. આ ઘટનાની જાણ થતા જ સુખસર પીએસઆઈ એન.પી.સેલોતે તપાસ શરૂ કરી હતી. જ્યારે પત્રકાર પણ બહાર ગામ જતો રહ્યો હોવાનું અને મોબાઈલ બંધ કરી દીધો હોવાનું પીએસઆઈ એ જણાવ્યું હતું.

# અમદાવાદ ખાતે ફાર્મ ફ્રેશ ફેસ્ટિવલમાં ભાગ લેતા જિલ્લાના બે ખેડૂતભાઈઓ બે દિવસમાં જ બધા ઉત્પાદનો વેચાઈ ગયા

ગોધરા,

અમદાવાદમાં રિવર ફ્રન્ટ ખાતે તા. ૭ માર્ચ થી ૯ માર્ચ, ૨૦૨૧ સુધી કૃષિ, ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગ દ્વારા ત્રણ દિવસનો ફાર્મ ફ્રેશ ફેસ્ટિવલ વર્ષ ૨૦૨૧ યોજાયો હતો. જ્યાં ખેડૂતો દ્વારા જુદા-જુદા ઓર્ગેનિક શાકભાજી, ધાન્યપાકો અને કઠોળ સહીતના ઉત્પાદનોના સીધા વેચાણ માટે જુદા-જુદા સ્ટોલ લગાવવામાં આવ્યા હતા. જેમાં પંચમહાલ જીલ્લાના આત્મા પ્રોજેક્ટ કચેરી સાથે સંકળાયેલા ગોધરા અને કાલોલ તાલુકાના બે ખેડુતોએ પ્રાકૃતિક પધ્ધતિથી તૈયાર કરેલ ધાન્ય પાકોમાં દેશી ચોખા અને તેનો લોટ, બાજરી, કઠોળ પાકમાં ચણા અને મગ તથા શાકભાજીમાં લીલી તુવેર, લીલી મકાઇ, વાલોળ જેવા ઉત્પાદનો સ્ટોલમાં વેચાણ અર્થે મૂક્યા હતા. રાજ્યપાલ અને મુખ્યમંત્રીએ તેમના સ્ટોલની મુલાકાત લઈ ઉત્પાદનો અંગે જાણકારી મેળવી પ્રોત્સાહન આપ્યું હતું. માત્ર બે દિવસમાં જ આ ખેડૂતોની તમામ ખેત પેદાશો અને શાકભાજીનું સંપૂર્ણ વેચાણ થઈ ગયુ હતું અને ખેડુતોને સામાન્ય કરતા વધારે પ્રમાણમાં નફો મળ્યો હતો. આ ખેડુતોએ ફાર્મ ફ્રેશ ફેસ્ટિવલમાં આવેલ અન્ય ખેડુતો સાથે બજાર વ્યવસ્થાની તેમજ ખેતપેદાશોના ગ્રેડીંગ અને મુલ્યવર્ધિત પેદાશો માટે ચર્ચા કરીને આગામી સમયમાં યોજાનાર આ પ્રકારના ખેડુતલક્ષી કાર્યક્રમમાં જિલ્લાના મહત્તમ ખેડુતોને આવરી લઈને સીધા ગ્રાહકોને વેચી શકે તે પ્રમાણે આયોજન કરીને ગ્રાહકોને રસાયણ મુક્ત અને પૌષ્ટિક ખેતપેદાશો પુરી પાડવા માટે આયોજનની તૈયારી હાથ ધરી છે.

# લીમખેડાની યુવતિની ગૃહકલેશની ફરિયાદ બાદ સાસરી અને પિયર પક્ષ વચ્ચે મારામરી લુંટફાટની સામસામી ફરિયાદ

લીમખેડા,

દાહોદ જિલ્લાના લીમખેડા નગરમાં યુવતીને સાસરીમાં દુઃખ પડતું હોવાની ફરિયાદો અને ત્યાર બાદ સાસરી અને પિયર પક્ષમાં બંન્ને પક્ષો વચ્ચે આક્ષેપો પ્રતિ આક્ષેપો વચ્ચે સામસામે મારામારી સહિત રાકડા રૂપીયા, સોના – ચાંદીના દાગીનાની લુંટફાડ, દુકાનમાં તોડફોડ સહિત મારી નાંખવાની સામસામે ધાકધમકીઓના પગલે બંન્ને પક્ષો દ્વારા લીમખેડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે બંન્ને પક્ષોની ફરિયાદ નોંધી કસુરવારોના ધરપકડના ચક્રોગતિમાન કર્યા છે. પ્રથમ તો લીમખેડા નગરમાં રહેતા પ્રેમચંદભાઈ નાથાભાઈ જાદવે નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યા અનુસાર, લીમખેડા નગરમાં માર્કેટ યાર્ડની સામે રહેતા ધોળીબેન બાદલભાઈ બારીઆ, સંજયભાઈ બાદલભાઈ બારીઆ, રાકેશભાઈ બાદલભાઈ બારીઆ અને મનિષાબેન શૈલેષભાઈ બારીઆ તેમજ ધનરાજભાઈ સંતોષભાઈ સોની દ્વારા ગત તા.૦૧લી માર્ચ ૨૦૨૧ના રોજ ફોર વ્હીલર ગાડીમાં સવારથઈ પોતાની સાથે મારક હથિયારો જેવા કે, લાકડી, લોખંડની પાઈપ, ધારદાર હથિયારો સાથે એકસંપ થઈ ગેરકાયદે મંડળી બનાવી પ્રેમચંદભાઈ નાથાભાઈ જાદવના છોકરો રીન્કેશ પ્રેમચંદ જાદવની લીમખેડા નગરમાં એલ.આઈ.સી. પાસે ઝાલોડ રોડ તરફ આવેલ દુકાનમાં આ ટોળુ ધસી આવ્યું હતું અને બેફામ ગાળો બોલી કહેવા લાગેલ કે, મારી દિકરીને કેમ દુઃખ આપે છે, તેમ કહી એકદમ ઉશ્કેરાઈ દુકાનમાં ધસી આવી મારક હથિયારો વડે દુકાનમાં તોડફોડ કરી હતી અને તોડફોડમાં દુકાનમાં મુકી રાખેલ કોમ્પ્યુટર, ઓફસેટ મશીન, ઝેરોક્ષ મશીન, લેમીનેશન મશીનની તોડફોડ કરી અંદાજે ૧૦ લાખનું ભારે નુકસાન કર્યુ હતું. આ બાદ ટોળાએ દુકાનના ટબલમાં મુકી રાખેલ રોકડા રૂા.૧,૬૦,૦૦૦, રીન્કેશભાઈએ ગળામાં પહેરી રાખેલ દોઢ તોલા સોનાની ચેઈન, ખીસ્સામાંથી મોબાઈલ ફોન, ચાંદીની પોચી વિગેરેની લુંટ કરી, અમારી વિરૂધ્ધ ફરિયાદ કરશો તો, મારી નાખીશું અને તમોને એક્ટ્રોસીટીના ખોટા ગુનામાં ફસાવી દઈશું તેમ કહી રીન્કેશભાઈને ગડદાપાટ્ટુનો માર પણ માર્યો હતો અને ભારે ધિંગાણું મચાવતાં વિસ્તારમાં ખળભળાટ મચી જવા પામ્યો હતો.

જ્યારે સામા પક્ષેથી રીકિન્શભાઈ પ્રેમચંદભાઈ પ્રજાપતિની પત્નિ સોનલબેન રીન્કેશભાઈ પ્રજાપતિએ નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યા અનુસાર, દક્ષાબેન રમેશભાઈ નિનામાને રીન્કેશભાઈ પોતાની પત્નિ તરીકે રાખવા સારૂ લઈ આવ્યો હતો અને સોનલબેનને રીન્કેશભાઈ શારિરીક અને માનસીક ત્રાસ આપતો હતો. આ મામલે સોનલબેનના પરિવારજનો તેમજ સગા સંબંધીઓ આ બાબતે સોનલબેનની ખબર અંતર પુછવા ઘરે ગયા હતાં ત્યારે રીન્કેશભાઈ પ્રેમચંદભાઈ પ્રજાપતિ, કિરીટભાઈ પ્રેમચંદભાઈ પ્રજાપતિ, દક્ષાબેન રમેશભાઈ નિનામા, ધનાભાઈ લાલજીભાઈ ભરવાડ, દિનેશભાઈ ધનાભાઈ ભરવાડ અને ભરતભાઈ ધનાભાઈ ભરવાડ સહિતના લોકોએ સોનલબેનના સગાસંબંધીઓને બેફામ ગંદી ગાળો બોલી હતી અને જાતિ અપમાનીત કર્યા હતાં તેમજ અહીંથી નીકળી જાઓ નહીં તો મારી નાંખીશું તેમ કહી ઘરમાંથી ધક્કા મારી કાઢી મુક્યાં હતા. આ દરમ્યાન ધનરાજ સંતોષભાઈ સોની પડી જતાં હાથની નશ કપાઈ ગઈ હતી. આ દરમ્યાન રીન્કેશભાઈ જે બીજી પત્નિ લઈ આવ્યો તે દક્ષાબેન કહેવા લાગેલ કે, હું રીન્કેશની પત્નિ તરીકે રહેવા આવેલ છું અને રહીશ તારે રહેવું હોય તો રહે નહીંતર જતી રહે તેમ કહી શારિરીક અને માનસીક ત્રાસ પણ અવાર નવાર આપતી હતી. આ બાદ બીજા માણસો દ્વારા પણ ધાક ધમકી આપી કહેલ કે, તારી બેન મનિષાએ ધનાકાકા અને દિનેશ થા ભરતભાઈ સામે ફરિયાદ આપેલ છે તેમા સમાધાન કરાવી દે નહીંતર તને રાખવાની નથી અને તું મારી ઉપર કેસ કરીશ તો ધનાકાકા અને વકીલ દિનેશ કેસ લડવા ખર્ચો આપશે તેમ કહી ભારે ધિંગાણું મચાવતાં વિસ્તારમાં ફફડાટ સહિત ભયનો માહોલ પણ ઉભા થવા પામ્યો હતો. ઉપરોક્ત બંન્ને પક્ષોની સામસામે ફરિયાદ લીમખેડા પોલીસે નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી આરોપીઓના ધરપકડના ચક્રોગતિમાન કર્યા છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 167

## ગોધરા અને શહેરા નગરપાલિકાના પ્રમુખ/ઉપપ્રમુખની ચૂંટણી

# તા.૧૭મી માર્ચે વરણી પ્રક્રિયા : ગોધરામાં અગ્નિપરીક્ષા તો શહેરામાં સરળ







- પદ માટે સત્તાવાર ચુંટણી જાહેર થતાં પૂનઃ રાજકીય ગરમાવો.
- ભાજપ અને અપક્ષો વચ્ચે સત્તા માટે તીવ્ર ખેંચતાણ.
- ભાજપની અપક્ષોમાં ગાબડું પાડવાની ખેલતી કૂટનીતિ.
- ખુરશી માટે ભાજપાની નજરથી અપક્ષો અને ભાજપા વચ્ચે ઉંદર-બિલાડીની રાજરમત.
- ગોધરા અને શહેરામાં અનેક દાવેદારોની પ્રજામાં થતી ચર્ચા.
- ગોધરામાં ભાજપ માટે પસંદગીમાં માથાકુટ.
- શહેરામાં ચોકકસ ચહેરો જ દાવેદાર.

ગોધરા,

હવે આગામી તા.૧૭ માર્ચના રોજ ગોધરા અને શહેરા નગર પાલિકામાં પ્રમુખ અને ઉપપ્રમુખ પદ માટે યોજાનાર સત્તાવાર ચુંટણી જાહેર થતાં પૂનઃ રાજકીય ગરમાવો વ્યાપી ગયો હતો. ગોધરામાં બહુમતીના અભાવે ભાજપ અને અપક્ષો વચ્ચે શરૂ થયેલી તોડજોડની નીતિના પગલે બંને છાવણીઓમાં હાલ તો ઉંદર-બિલાડીની રમત ચાલી રહી છે. જેથી ભાજપ માટે અગ્નિપરીક્ષા છે. આ વરણી પ્રક્રિયાની વૈતરાણી પાર પાડવા પ્રમુખપદ ભાજપ અને ઉપપ્રમુખ પદ સમર્થન આપનાર અપક્ષોમાંથી પસંદગી કરવાની કૂટનીતિ અપનાવાઈ રહી છે. પરંતુ શહેરા નગર પાલિકામાં બહુમતિ ધરાવતા ભાજપને મેન્ડેટ આધારે ચહેરાની પસંદગી થનાર હોઈ વરણી પ્રક્રિયા કોઈપણ જાતના વાદવિવાદ વિના ઔપચારિક બની રહેનાર છે.

ગોધરા નગર પાલિકાની ચુંટણી પરિણામો બાદ હારેલા ઉમેદવારો હાર-જીતના નફા-તોટાની ગણતરીઓ મુકીને ચુંટણી ખર્ચાઓની ગોઠવણી કરી રહ્યા છે. બીજી તરફ હવે ચુંટાયેલા વિજેતા ઉમેદવારો પ્રમુખપદ અને ઉપપ્રમુખપદે કોણ તેની ગોઠવણીમાં મચી પડયા છે. ગોધરામાં જનાદેશ મિશ્ર આવતા દાવેદારોની ઉંઘ હરામ કરી દીધી છે. ભાજપ અને અપક્ષોને એકસરખી ૧૮-૧૮ બેઠકો પ્રાપ્ત થઈ છે. તો મીમ-૭ બેઠકો ઉપર જીત મેળવીને પદવાંચ્છુકોમાં પોતાની કિંમત અને માંગ ઊભી કરી દીધી છે. પરંતુ કોને સમર્થન આપે છે, તે રહસ્યમય છે. ૪૪ બેઠક ધરાવતી પાલિકામાં આ વખતે પ્રમુખપદ સામાન્ય જનરલ રાખવામાં આવતાં ભાજપ અને અપક્ષો પાસે પૂરતી એટલે ૨૩ સભ્યોની બહુમતી નથી. જેથી અંકોનું ગણિત ગોઠવવા અપક્ષોમાં ગાબડું પાડવું પડે કાંતો મીમ ઉપર આધાર રાખવો પડે તેવી કાંટાની ટકકર જામી છે. છેલ્લા એક દાયકાથી અસ્પષ્ટ બહુમતિ મળતા અપક્ષોના સમર્થન હેઠળ ભાજપનું "સત્તાનું ગાડુ ગબડી" રહ્યું છે. તે જોતા ભૂતકાળની માફક પ્રયોગાત્મક રણનીતિ બનાવીને અપક્ષોના ટેકા મેળવવા માટે કાવાદાવાના ખેલ ખેલાઈ રહયા છે. પાંચ અપક્ષ સભ્યોનો અભાવ વર્તાતા જો ચાર સભ્યો ભાજપાની તરફદારી કરી શકે તોયે ૧ની ઘટ વર્તાય. તેની ભરપાઈ કરવા અન્ય અપક્ષોને ગેરહાજર રાખીને વેતરાણી પાર પાડતી યુકિત-પ્રયુકિત અજમાવાઈ રહી છે. આ ઉપરાંત ભાજપ પ્રમુખપદ હસ્તગત કરે અને ઉપપ્રમુખ પદ ભાજપને સમર્થન આપનાર અપક્ષ સભ્યને ભેટ આપવાની પણ અંદરખાને સોદાઓ થઈ રહ્યા છે. તો સામે અપક્ષ પક્ષે સંભવિત ચાર અપક્ષ સભ્યો ગેરહાજર રહે અને બાદમાં મીમના ૭ સભ્યો સમર્થન આપે તો પણ સંખ્યાબળ ૨૧ થાય તોય બે સભ્યોની તૂટ રહે તેમ છે. ભાજપ તરફે પણ બે ઉમેદવારોમાંથી અપક્ષોનો ટેકો મેળવી શકે તેવા અંકની પસંદગી કરવી માથાપટ્ટી સર્જાઈ છે. હાલ તો પ્રમુખપદના નામ અંગે દ્વિધા હોઉ ચહેરા અંગે ગડમથલ ચાલી રહી છે. આંકડારૂપ બહુમતિ માટે અપક્ષોનો સાથ કોણ લે છે અને કયા ચહેરાને સાથ આપે છે તે અગત્યું છે. એક અઠવાડિયાના સમય બચતા હવે ગુપ્ત બેઠકોનો દૌર ચાલીને ગોડફાધરણોનું શરણું લીધું છે. આ જોતા બહુમતિ માટે અપક્ષોના સમર્થન વિના ભાજપનું ખુરશીનું સ્વપ્ન રોળાઈ જાય તેમ હોવાથી અગ્નિપરીક્ષા છે. પરંતુ આગામી વરણી પ્રક્રિયા બાદ જ જેની લાઠી તેની ભેંસ તેવો ઘાટ સર્જાશે. જિલ્લા કલેક્ટર અમિત અરોરા દ્વારા ગોધરા અને શહેરા નગરપાલિકાના પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણીઓ કરાવવા માટે સામાન્ય સભાની બેઠક બોલાવવા ગોધરા નગરપાલિકા માટે નાયબ કલેક્ટર, ગોધરા પ્રાંત અધ્યાસી અધિકારી તરીકે નિમણૂંક કરતો હુકમ કરવામાં આવ્યો છે. તા. ૧૭ માર્ચના રોજ સવારે ૧૧.૦૦ કલાકે ગોધરા નગરપાલિકાની સામાન્ય સભા સરદાર નગરખંડ, ગોધરા ખાતે યોજાશે. ગોધરા નગરપાલિકાના પ્રમુખની જગ્યા માટે પ્રમુખ તરીકે સામાન્ય (જનરલ) ઉમેદવાર છે. જ્યારે શહેરા નગર પાલિકામાં પણ પ્રમુખપદ માટે ઉત્તેજના છવાઈ છે. જેથી મેન્ડેટ આધારે પસંદગી કરવામાં આવનાર હોવાથી આગામી વરણી પ્રક્રિયા કોઈપણ જાતના વાદ-વિવાદ વિના માત્ર ઔપચારિક બનીને ચહેરો જાહેર થનાર છે. તેમ છતાં પક્ષ કોની ઉપર પસંદગીનો કળશ ઢોળશે તે તો તેજ દિવસ સ્પષ્ટ થનાર છે. આ રીતે શહેરા નગરપાલિકામાં આગામી ૧૭મી માર્ચના રોજ પ્રમુખ ઉપપ્રમુખની વરણી કરવામાં આવશે.પ્રાંત અધિકારીની અદયક્ષતામાં ૧૭મી માર્ચે સામાન્ય સભાની બેઠક યોજાશે. ૬ વોર્ડની ૨૪ બેઠકોમાંથી ૨ બેઠકો ભાજપની પહેલાથી જ બિનહરીફ થઈ હતી અને ૨૨ બેઠકોની યોજાઈ હતી. જેની મતગણના બીજી માર્ચે થઈ હતી અને ભાજપે સ્પષ્ટ બહુમતી સાથે પાલિકાની ૨૪ બેઠકોમાંથી ૨૦ બેઠકો પોતાના નામે અંકિત કરી હતી. જ્યારે ૪ બેઠકો અપક્ષના ફાળે ગઈ હતી.આમ પાલિકાના અસ્તિત્વ બાદ ભાજપે પોતાના શાસનનું આધિપત્ય જમાવી રાખ્યું હતું. જોકે ચૂંટણી પહેલા જ નગરપાલિકાની પ્રથમ અઢી વર્ષની પ્રમુખપદની અવધિ માટે અનુસૂચિત જાતિ સ્ત્રી માટેની અનામત છે . જ્યારે કે ઉપપ્રમુખ પદ માટે અન્ય ચૂંટાયેલા સભ્યો પોતાના ગોડફાધરના શરણે થયેલાં છે અને લાડવો તેમને મળે તે દિશામાં પ્રયત્નશીલ છે. આગામી ૧૭મી માર્ચે શહેરા નગરપાલિકાના સભાખંડમાં પ્રાંત અધિકારી જે.એચ.બારોટના અદયક્ષ સ્થાને સામાન્ય સભા યોજાશે. આમ તો જિલ્લા ભાજપ દ્વારા મેન્ડેટ આપવામાં આવશે. જેમાં પ્રમુખ અને ઉપપ્રમુખની વરણી કરવામાં આવશે, ત્યારબાદ નક્કી થશે ચૂંટાયેલા સભ્યો પૈકી શહેરા નગરપાલિકામાં સત્તાનું સુકાન કોણ સંભળાશે.

## ગોધરાના ૩ માસના ધૈર્યરાજસિંહને વ્હારે ત્રણ ધારાસભ્યો આવશે

- સારવાર ખર્ચ સહાય કરવા મુખ્યમંત્રીને રજુઆત કરશે.
- SMA-1ની ગંભીર બિમારીમાં સપડાયેલ આ બાળક.
- સારવાર માટે મદ્યમવર્ગીય પરિવારને દાન માટે સમાજને અપીલ.

ગોધરા,

જેની ભારતમાં સારવાર શકય નથી અને અમેરીકા થી ઈન્જેકશન આયાત કરવી પડે તેવા SMA-1 નામના રોગની સારવાર પાછળ રૂા.૨૨.૫ કરોડની દવાનો ખર્ચ થાય છે. આ ગંભીર બિમારીમાં સપડાયેલ ગોધરાના ૩ માસના બાળકને બચાવવા માટે સેવાભાવીઓ આર્થિક મદદરૂપ થઈ રહ્યા છે. દરમ્યાન દે.બારીઆ, ગોધરા, કાલોલના ધારાસભ્યો એ આ ૩ માસીય બાળકને સારવાર માટે બનતી મદદરૂપ થવા મુખ્યમંત્રી સમક્ષ રજુઆત કરવાની ખાત્રી આપવામાં આવી છે.




ગોધરામાં રહેતા રાજદીપસિંહ રાઠોડના પરિવારમાં બાળક ધૈર્યસિંહનો જન્મ થતાં પરિવારજનોમાં આનંદની લાગણી વ્યાપી ગઈ હતી. પરંતુ બાળક જેમ જેમ મોટું થતું જતા તેમ તેમ તેના શારીરિક બદલાવ થતાં તેની સારવાર શરૂ કરાવતા તેને એક ગંભીર બિમારીમાં હોવાનું બહાર આવતાં પરિવારજનોમાં દુઃખની લાગણી વ્યાપી ગઈ હતી. જરૂરી રિપોર્ટ તથા તબીબી સલાહ મુજબ આ ધૈર્યરાજને એસએમએ-૧ (સ્પાઈનલ મસ્ક્યુલર એટ્રોપી -૧) નામની બીમારી હોવાનું બહાર અવતા તેઓના પગ તળેથી જમીન જાણે સરકી ગઈ હતી. ખાસ આ બીમારીનો ઈલાજ ભારતમાં શક્ય નથી એવું જાણીને જાણે આભ તૂટી પડચું. એસએમએ-૧ નામની બીમારી જેમાં બાળકના સ્નાયુઓ કામ કરતા બંધ થઈ મૃત્યુ પણ થઈ જતું હોય છે. જોકે, તેઓના ધ્યાનમાં આવ્યું હતું કે, મહારાષ્ટ્રની બાળકીને આવી ગંભીર બિમારી લાગુ પડી હતી. ભારતમાં આ રોગની સારવાર શકય નથી અને અમેરીકાથી ઈન્જેકશન મંગાવવું પડે છે. આમ, સારવાર પાછળ અધધ.... કહી શકાય તેવી આશરે ૨૨.૫ કરોડનો ખર્ચ થાય તેમ છે. મહારાષ્ટ્રની બાળકીને દાતાઓ દ્વારા તથા સરકાર દ્વારા મદદરૂપ થઈને તેને રોગ મુકત કરવામાં આવ્યા હોવાનું જાણતા પોતાના સંતાનને બચાવવા અને જલ્દી સાજો થાય તે માટે કોઈપણ ભોગે સારવાર કરાવવા એક દ્રઢ સંકલ્પ લેવામાં આવ્યો હતો. દ્રઢ સંકલ્પ સાથે આ ધૈર્યસિહના પરિવારજનો એ સમાજ સમક્ષ દાન માટે અપીલ કરવામાં આવી છે. જેના ભાગરૂપ સમાજના આગેવાનો આગળ આવીને યથા યોગ્ય મદદરૂપ થઈ રહ્યા છે. ત્યારે દે.બારીઆ, ગોધરા અને કાલોલના ધારાસભ્ય દ્વારા પણ આ બાળકની વ્હારે આવ્યા છે. ગુજરાતના મુખ્યમંત્રી સમક્ષ આ બાળકને આરોગ્યલક્ષી બને તેટલી ઝડપથી સારવાર મળે અને આ પાછળનો સારવાર ખર્ચ પણ સરકાર દ્વારા સહાયરૂપ થાય તેવી આગામી સમયમાં રજુઆત કરવામાં આવનાર હોવાનું જાણવા મળતા પરિવારમાં આનંદની લાગણી વ્યાપી ગઈ છે.

## મેમુ ટ્રેનના ભાડામાં વધારો કરાતા એસોશીએશન દ્વારા રેલ મંત્રીને રજુઆત

ગોધરા,

કેન્દ્ર સરકાર ના રેલવે વિભાગ દ્વારા ગરીબો ની લાઈફ લાઈન સમાન મેમુ ટ્રેન શરૂ કરવામાં આવી છે. ત્યારે મુસાફરો માટે મેમુ ટ્રેનના સફર માટે જે ભાડું વધારવામાં આવ્યું છે. તે ઘટાડવા માટે અને સિઝન પાસ આપવા માટે કેન્દ્ર સરકારના રેલ્વે મંત્રી પિયુષ ગોયલને રેલ એન્ડ રોડ પેસેન્જર એસોસિએશન ઓફ ઈન્ડિયા દ્વારા કરવામાં આવેલી રજુઆત માં જણાવ્યા અનુસાર કોરોના રૂપી ગંભીર મહામારી ને કારણે બંધ કરવામાં આવેલી રેલવે વિભાગની મેમુ ટ્રેન સેવા બંધ કરવામાં આવી હતી. ત્યારબાદ પુનઃ આ સેવા રેલવે વિભાગ દ્વારા શરૂ કરવામાં આવી છે. ત્યારે હાલમાં ૧૩ જેટલી મેમુ ટ્રેન સેવા શરૂ કરવામાં આવી છે.પરંતુ આ મેમુ ટ્રેન નું ભાડું નિયત ભાડા કરતા વધારી દેવાતા બમણું કરી દેવામાં આવ્યું છે.જેમાં ગોધરા થી વડોદરા નું ભાડું અગાઉ રૂ.૨૦ હતું. જે વધારીને રૂ.૪૫ કરવામાં આવ્યું છે.આજ પરિસ્થિતિ અન્ય મેમુ રૂટની પણ છે. ત્યારે રાજ્યના વિવિધ ક્ષેત્ર માં નોકરી કરી જીવન ગુજારતા રોજિંદા પાસધારકો,મુસાફરો ભાડા વધારા ને લઈ હાલ ખૂબ જ હાલાકી ભોગવી રહ્યા છે.જેના કારણે લોકોને આર્થિક ભારણ પણ વધ્યું છે.ત્યારે ઉપરોક્ત રેલ ભાડું બમણું થવાથી રાજ્યના રેલ મુસાફરોમાં આક્રોશની લાગણી જોવા મળી રહી છે. ત્યારે મુસાફરો ના હિત માં રેલવે વિભાગ યોગ્ય નિર્ણય લઈ ભાડામાં ઘટાડો કરે તેવી માંગ પણ કરવામાં આવી હતી. જો સરકાર આ મામલે યોગ્ય નિર્ણય નહીં લે તો મુસાફરો ને ગાંધી ચીંધ્યા માર્ગે જવાની ફરજ પડશે.

## ગોધરા તાલુકાના દહીકોટની સગીરાને લગ્નના ઈરાદે ભગાડી જતાં ફરિયાદ

ગોધરા,

ગોધરા તાલુકાના દહીકોટ ગામની સગીર યુવતિને લગ્નના કરવાની લાલચ આપી ભગાડી લઈ જતાં આ બાબતે ગોધરા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા તાલુકાના દહીકોટ ગામે રહેતી ૧૬ વર્ષીય સગીર યુવતિને પ્રેમજાળમાં ફસાવીને લગ્ન કરવાની લાલચ આપી હતી અને આરોપી સુનિલ મંગળસિહ પટેલ (રહે.ગોલ્લાવ, કોદરીયા) એ સગીર યુવતિને તેના વાલીના વાલીપણા માંથી ભગાડી જતાં ગોધરા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાાવ પામી છે.

## આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત હાલોલ, ગોધરા અને મોરવા ખાતે કાર્યક્રમો યોજાશે

ગોધરા,

ભારતની સ્વતંત્રતા-આઝાદીના ૭૫ વર્ષ પૂર્ણ થવાના અવસરે આઝાદી કા અમૃત મહોત્સવની રાષ્ટ્રવ્યાપી ઉજવણીનો આગામી તા. ૧૨મી માર્ચથી અમદાવાદના સાબરમતી આશ્રમથી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી પ્રારંભ કરાવનાર છે. દેશની આઝાદીના ૭૫ વર્ષની ઉજવણીને અનુલક્ષી ગોધરા ખાતે કલેક્ટર અમિત અરોરાના અદયક્ષસ્થાને અધિકારીઓની બેઠક યોજાઇ હતી. દેશભક્તિના અવસરની આ ઉજવણી પ્રસંગે જિલ્લામાં ત્રણ સ્થળોએ ગોધરા, હાલોલ અને મોરવા હડફ ખાતે કાર્યક્રમો યોજાશે. હાલોલ ખાતે સાંસદ રતનસિંહ રાઠોડની અધ્યક્ષતામાં, ગોધરા ખાતે ધારાસભ્ય સી.કે.રાઉલજી અને મોરવા હડફ ખાતે ધારાસભ્ય કુબેરભાઈ ડિંડોરની અધ્યક્ષતામાં ઉજવણી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત, આ નિમિત્તે તાલુકા ક્ક્ષાએ સાઈકલ રેલી, બાઈક રેલી અને વિશેષ સ્વચ્છતા અભિયાનોનું પણ આયોજન કરવામાં આવ્યું છે. બેઠકમાં નિવાસી અધિક કલેકટર એલ.બી.બાંભણિયા, પ્રાંત અધિકારી વિશાલ સક્સેના, ડિવાયએસપી એમ. કણસાગરા, જિલ્લા પુરવઠા અધિકારી એન.રાજપૂત, માર્ગ-મકાન કાર્યપાલક ઈજનેર એન.ભટ્ટ, જિલ્લા શિક્ષણાધિકારી બી.એસ.પંચાલ, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી વી.એમ.પટેલ, જિલ્લા રમત-ગમત અધિકારી પ્રકાશ કલાસવા સહિતના જિલ્લાના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## શહેરા મરડેશ્વર મહાદેવ મંદિર શિવરાત્રી ભરાતો લોકમેળો કોરોના સંક્રમણને મોકુફ રખાયો


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

પંચમહાલ શહેરાના પાલીખંડા સ્થિત આવેલ આસ્થાના પ્રતીક સમા અને પૌરાણિક મરડેશ્વર મહાદેવ મંદિરે વર્ષોની પરંપરા મુજબ ભરાતો શિવરાત્રીનો લોક મેળો કોરોના સંક્રમણના કારણે મોકૂફ રાખવાનો ટ્રસ્ટીગણ દ્વારા નિર્ણય લેવામાં આવ્યો છે. શિવરાત્રિની રાત્રિએ સ્વયંભૂ મરડેશ્વર મહાદેવનું શિવલિંગ ચોખાના દાણા જેટલું વધતુ હોય છે.

પંચમહાલ જિલ્લાના શહેરાના પાલિખંડામાં આવેલ સ્વયંભૂ મરડેશ્વર મહાદેવ મંદિરનું ઐતિહાસિક અને પૌરાણિક રીતે બહુ મહત્વ રહેલું છે અને ગુજરાત ઉપરાંત બહારના રાજ્યના ભક્તોની પણ આસ્થા આ મંદિર સાથે જોડાયેલી છે. વર્ષોની પરંપરા મુજબ શહેરાના મરડેશ્વર મંદિર ખાતે મહાશિવરાત્રીના દિવસે ભરાતો લોક મેળો પ્રવર્તમાન કોરોના સંક્રમણ ના કહેર ના કારણે નહી ભરવાનો નિર્ણય મંદિરના ટ્રસ્ટીગણ દ્વારા લેવામાં આવ્યો છે.મહાશિવરાત્રી ના દિવસે દૂર દૂર થી ભક્તો ભગવાન શંકરમાં આસ્થાના કારણે મોટી સંખ્યામાં દર્શનાર્થે આવતા હોય છે.પરંતુ કોરોના મહામારીની વિકટ પરિસ્થિતિને ધ્યાને લઈ મોકૂફ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.નોંધનીય છે કે મહાશિવરાત્રી પર્વનું અનેરૂ મહત્વ રહેલું છે કહેવાય છે કે દર વર્ષે મહાશિવરાત્રીના દિવસે સ્વયંભૂ પ્રકટ થયેલું શિવલિંગ છે તેના કદમાં એક ચોખા જેટલી લંબાઈનો વધારો થાય છે સાથે જ શિવલિંગ નો આકાર રુદ્રાક્ષ સમાન છે. ગયા વર્ષે પણ કોરોના મહામારીના કારણે મહા શિવરાત્રી નો લોકમેળો રદ કરવામાં આવ્યો હતો જ્યારે આ વખતે શિવરાત્રિના દિવસે સરકાર ની માર્ગદર્શિકા મુજબ દર્શન માટે આવનાર ભક્તોને કોવિડની માર્ગદર્શિકા અનુસાર દર્શન કરવા દેવામાં આવશે, પરંતુ " ચેતતો નર સદા સુખી "ની કહેવત અનુસાર મરડેશ્વર મંદિરના ટ્રસ્ટીગણ દ્વારા લોકોની સુખાકારીને ધ્યાને લઈ આજરોજ ભરાનારા મહાશિવરાત્રીના પર્વની ઉજવણી મોકૂફ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

## પંચમહાલ જિલ્લામાં PC&PNDT એક્ટ અંતર્ગત પ્રેક્ટિસની સરળતા હેતુ ઓરિયેન્ટેશન કમ ટ્રેનિંગ પ્રોગ્રામ યોજાયો


તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

ગોધરા,

પંચમહાલ જિલ્લામાં ગોધરા ખાતે રજીસ્ટર્ડ પ્રાઈવેટ પ્રેક્ટિશનર્સને ડ્ઈ ડ્ગઉઝ એક્ટ, ૧૯૯૪ અંતર્ગત પ્રેક્ટીસની સરળતા (ઈઝ ઓફ ડુંઈગ બિઝનેસ) હેતુ ઓરીયન્ટેશન કમ ટ્રેનિંગ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લા કલેક્ટર અમિત અરોરાએ કાર્યક્રમના અધ્યક્ષસ્થાનેથી જણાવ્યું હતુ કે આ પ્રકારના કાર્યક્રમનો હેતુ PC & PNDT કાયદાના અસરકારક અમલ સાથે જેન્યુઈન મેડિકલ પ્રેક્ટિસનર્શને ઓછામાં ઓછી તકલીફ પડે અને પેપરવર્ક ઓછું થાય તે દિશામાં પ્રયાસ માટેનો છે. જો કે ગર્ભના જાતિ પરીક્ષણ કરતા લેભાગુ તત્વો સાથે કોઈ ઢીલાશ વર્તવામાં નહીં આવે તેમ જણાવતા કાયદાકીય જોગવાઈઓ અને તે અંતર્ગત પાળવાના નિયમો વિશે વિસ્તૃત સમજ આપી ડોકટર્સની કામગીરી સરળ બનાવવાનો અભિગમ તંત્ર દ્વારા અપનાવવામાં આવ્યો છે તેમ જિલ્લા સમાહર્તાએ ઉમેર્યું હતું. ગર્ભનું જાતિ પરીક્ષણ એક દૂષણ છે અને સમાજમાં જાતીય રેશિયો ખોરવે છે ત્યારે આ પ્રકારના પરીક્ષણો કરતા તત્વોને પકડવાની દિશામાં અસરકારક કામગીરી કરવામાં આવશે તેમ તેમણે જણાવ્યું હતું. જિલ્લામાં આદર્શ જાતીય રેશિયો જળવાય તેવી સ્થિતિનું નિર્માણ કરવાને સૌની સહિયારી ફરજ ગણાવતા ડોકટર્સની ભૂમિકાને આ અભિયાનમાં તેમણે અતિ અગત્યની ગણાવતા તેમને સક્રિય સહયોગ આપવા માટે અપીલ કરી હતી. કાર્યક્રમમાં પીસી એન્ડ પીએનડીટી કાયદાની જોગવાઈઓ વિશે વિગતવાર જાણકારી આપવામાં આવી હતી.

કાર્યક્રમમાં જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારી ડો. મિનાક્ષી ચૌહાણ, સિવિલ સર્જન ડો. મહેશ પીસાગર, ઉઅઈના ચેરમેન, આરસીએચઓ તેમજ જિલ્લાના અગ્રણી મેડિકલ પ્રેક્ટિસશનર્સ-ડોક્ટર્સ ઉપસ્થિત રહ્યા હતા.

## મોરવા(હ) પોલીસ સ્ટેશન કમ્પાઉન્ડ ની સામે અકસ્માતમાં એક વ્યકિતનું મોત



મોરવા(હ),

મોરવા હડફ તાલુકાનાં મોરવા પોલીસ સ્ટેશન કમ્પાઉન્ડ ની સામે અકસ્માત સર્જાયો તેમાં એક વ્યક્તિ ની ઘટના સ્થળ ઉપર મોત નિપજ્યુ હતું. મોરવા પોલીસ કમ્પાઉન્ડ સામે અકસ્માતમાં મરણ જનાર સંજયભાઈ સમરસિહ બારીયા ઉ.વ.૩૨ રહેવાસી રામપુર (ક) ના ઓ પોતાની મોટર સાયકલ નંબર GJ17.B.P 9307 ડાગરિયા ચોકડીથી મોરવા તરફ જતા તે વખતે મોરવા પોલીસ સ્ટેશન કમ્પાઉન્ડ ની સામે રોડ ઉપર આરોપી મોટર સાયકલ નંબર GJ 17 AR 9875 નાં ચાલક પુર ઝડપે અને ગફલત ભરી મોરવા થી ડાંગરિયા તરફ જતા દમ્ફર નંબર Gj 35 T 1442 ને ટકર મારતાં અક્સ્માત સર્જાયો હતો. અક્સ્માતમાં સંજયભાઈ બારીયા ને માથા નાં ભાગે તથા શરીરે ગંભીર ઈજાઓ પોહચી તે દરમિયાન ઘટના સ્થળ ઉપર મોત નિપજ્યુ હતુ. અને મોટર સાયકલ નંબર GJ 17 AR 9875 નાં ચાલક ને જમણા પગે ઈજાઓ થયેલ હતી અને ૧૦૮માં બેસાડીને દવાખાને ખસેડવામાં આવ્યા હતા. અને મરણ જનાર સંજયભાઈ સમરસિંહ બારીયા ની લાશ ને સી.એચ. સી. દવાખાને મોકલવામાં આવ્યા હતા અને કાયદેસર ની કાર્યવાહી કરવામાં આવી હતી.